વર્ષ ૪ * સળંગ અંક ૪૫ * જુન, ૨૦૧૦ * પાના : ૧૬ *** Regd. No. MH/MR/South-135 2009-11
www.patanmandal.org * RNI Regd. No. MAHGUJ / 2006 / 18379 * E-mail : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી.....

**સ્નેહી સ્વજન,**

**જય જિનેન્દ્ર !**

આજે આપણે જયારે શતાબ્દિ વર્ષના પ્રાંગણમાં ,પગરણ કરવા જઈ રહ્યા છીએ, ત્યારે આપણું પ્રાથમિક ધ્યેય સ્વનિષ્ઠથી સર્વનિષ્ઠ સમાજ બનાવવા તરફનું જ હોઈ શકે. જનહિત, નિષ્ઠા વિગેરે નિરર્થક અને નિર્જીવ શબ્દો બની ન રહે તે તરફ લક્ષ આપવું અત્યંત આવશ્યક છે. સામાન્ય ઉદ્દેશની પુષ્ટિનું હનન કરનાર કે અવરોધ કરનાર દરેક સિધ્ધાંત (જો સિધ્ધાંત કહવાય તો ! ) અસ્વિકાર્ય બનવો જ જોઈએ. આંતરિક, આર્થિક કે નૈતિક વ્યવસ્થાના સીમાડા ન જોખમાય તે જોવાની આપણાં સૌની ફરજ છે. અનર્થ સર્જાય તેવી સ્વની સરહદ અનહદ સુધી ન જ લંબાવવી જોઈએ.કે ન લંબાવવા દેવી જોઈએ. પ્રતિગામી શકિતઓને નાથવી તેમાં જ સમસ્ત સમાજનુ હિત સમાયેલું છે.

જીવનના વિવિધ ક્ષેત્રે ચારિત્ર માટે આદર્શપદે સ્થાપિત થઈ શ્રેય અને શ્રધ્ધાના અધિકારી બનવા સમાજના બુધ્ધિધનના સીમાડા વિસ્તારી સમાજ ઉત્કર્ષના સત્કાર્યો માટે તેનો ઉપયોગ થાય તે બહુજન હિતાય આવશ્યક જ નહિ સમાયના તકાદા પ્રમાણે જરૂરી છે.

શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા આયોજીત **શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા** પ્રેરીત ૨૩ મો સમુહલગ્ન સમારોહ તા.૩૦-૫-૨૦૧૦ ના રોજ આઈ.બી.પટેલ વિદ્યાલય સભાગૃહ ખાતે રંગેચંગે પરિપૂર્ણ થયો. પ્રોગ્રામ સમિતિના માનદમંત્રીઓ શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ તથા શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહને સમસ્ત સમિતિના સથવારે કરેલ અદ્દભુત આયોજન બદલ ખુબ ખુબ અભિનંદન. સંસ્થા, ટ્રસ્ટીઓ તથા ઉચ્ચ હોદ્દેદારોસહ ૭૫૦ થી ૮૦૦ મહાનુભવોએ ઉપસ્થિત રહી આશીર્વાદની વર્ષા કરી હતી. દરિયાવ દિલ દાતા**શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ શાહે** જણાવ્યું હતું કે, અત્યારની કમરતોડ મોંઘવારીમાં સમાજના વધુમાં વધુ યુગલો સમુહલગ્નમાં જોડાય તે અત્યંત આવશ્યક જ નહિ જરૂરી પણ છે. ઉકત પ્રસંગે નવદંપતિને ભેટ આપનાર શુભેચ્છકોને તથા તેમના આ સ્તુત્ય પગલાંને બિરદાવું છું. ખર્ચની રકમ દાતાશ્રીએ સ્વૈચ્છાએ સંસ્થાને આપવાનું જાહેર કરેલ. સંસ્થાના ઋણભાવે તેમનો આભાર માને છે.

**શ્રી પાટણ જૈન મંડળ તથા સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ** દ્વારા શાળા તથા કોલેજના વિદ્યાર્થીઓ માટે દર વર્ષે રાહતના દરે અપાતી ઉચ્ચ પ્રકારની નોટબુકોના વિતરણ માટે સહભાગી થનાર નિઃસ્વાર્થી કાર્યકરોનો આ તકે હું હાર્દિક આભાર માનુ છું.

સંસ્થાના સંનિષ્ઠ, નિઃસ્વાર્થ સ્વભાવી, સેવાભાવી, અનુભવની એરણ પર ઘડાયેલ **મેનેજર શ્રી મનુભાઈ જોશી**એ સંસ્થામાં તેમના કાર્યકાળના ૪૯ વર્ષ પૂર્ણ કરી ૫૦ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે, તેમની ઉત્કૃષ્ઠ કાર્યપધ્ધતિ બદલ તેમને હાર્દિક અભિનંદન પાઠવી સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુની પ્રભુને પ્રાર્થના કરૂ છું.

**શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ** તથા **શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાહેબા) સાંસ્કૃતિક પ્રવૃત્તિ** અંતર્ગત શનિવાર, તા.૧૨-૦૬-૨૦૧૦ ના રોજ વન્ડર કીડસ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઉકત આયોજનના સફળ સારથિ માનદમંત્રી શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ તથા શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ તથા સમિતિના અન્ય સભ્યોની પીઠ થાબડવાનું મન થાય છે. દાતા શ્રી ચંદ્રકુમાર મણીલાલ ઝવેરીના સમસ્ત પરિવારજનો તથા આમંત્રીતોએ આ કાર્યક્રમ નખશીખ માણ્યો હતો. સર્વાંગ સુંદર આ કાર્યક્રમનું આકર્ષણ નાના નાના ભૂલકાઓ (કલાકારો) હતા. નાના બાળકો દ્વારા કાર્યક્રમનું સંચાલન અને પોતે જ વાજીંત્રો વગાડનાર અને સૂરોની સુરાવલી વહેવડાવનાર કેવું અનન્ય અને અદ્દભુત !!!

**આભાર...**

❑ **પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

સંપાદકીય.....

# પર્યાવરણ એક સમસ્યા

**વાચક મિત્રો,**

આ અંક આપ સૌનાં કરકમળમાં આવશે ત્યારે વર્ષારાણીની પધરામણી થઈ ગઈ હશે. તેનાં સ્નેહવારિના અભિષેકથી વસુંધરા નવા કલેવર ધારણ કરી ઝૂમી રહી હશે. સમગ્ર વાતાવરણ નવપલ્લવિત થઈ ગયું હશે. આવા ઉન્માદક પરિવેષમાં પ્રકૃતિનું નૈસર્ગિક સૌંદર્ય નિખરી રહ્યું છે ત્યારે કુદરતના આ કરિશ્માને સલામ કરવાનું મન તો જરૂર થાય જ છે. પણ શું આપ સૌને એમ નથી લાગતું કે, ભોગવાદની આ દુનિયામાં આપણે ઋતુઓ સાથે પરાયાપણું રાખતાં થઈ ગયા છીએ ? એટલે જ આપણી બધી ઋતુઓ કેલેન્ડરની ઓશિયાળી બની ગઈ છે , તેનું મૂળ છે પર્યાવરણ. સમયના સાંપ્રત પ્રવાહમાં પર્યાવરણની સમસ્યા એક વિકટ સ્વરૂપે આપણાં આંગણામાં આવીને ઉભી છે.

પર્યાવરણનું મૌલિક સૂત્ર છે. ''કેવળ મારું જ અસ્તિત્વ નથી, આ વિશ્વમાં હું એકલો નથી દરેક વ્યક્તિ પોતાની આસપાસની બધી દિશાઓમાં પર્યાવરણનું કવચ પહેરીને શ્વાસ લઈ રહી છે એના પરિપાર્શ્વમાં જીવ અને અજીવ બંનેનું પર્યાવરણ છે. આમ પર્યાવરણ એ Unity of life છે. આ જગતના હવામાનને શુદ્ધ રાખીને હરિયાળા વૃક્ષો સાથે જીવવું છે તેઓએ પર્યાવરણનું જતન કરવાનો ફરજીયાત ધર્મ પાળવો પડશે. કેમ કે પૃથ્વી પરનાં પર્યાવરણનું રક્ષણ કરવાની સૌથી વધુ બૂમરાણ કરનારા લોકો જ પૃથ્વીના પર્યાવરણને બગાડે છે. ધરતી, હવા, પાણી જેવી અત્યંત મૂલ્યવાન ચીજો કુદરતે માનવીને મફત આપી છે. હવા માટે રેશનકાર્ડની જરૂરત હોત તો ? પાણી માટે સુપર માર્કેટમાં જવું પડત તો ? જે મફત મળે છે તેની કોઈ કિંમત નથી હોતી. અનુગ્રહ પણ નથી હોતો. જીવન ટકાવી રાખવા પંચતત્વો આવશ્યક છે છતાં જીવનપોષક ઉપકરણોને જ માનવી કલૂષિત કરે છે. જે વાતાવરણમાં શ્વાસ લે છે, તેને જ દૂષિત કરે છે. માનવીને કુદરત પ્રત્યે અને જીવસૃષ્ટિ પ્રત્યે આદરનો અભાવ છે. પોતાના સ્વાર્થ માટે કુદરતી સંપત્તિનો બેજવાબદાર ગુનાહિત ઉપયોગ કરે છે.

૨૨ મી એપ્રીલ પૃથ્વી દિન **'અર્થ - ડે'** અને ૫ મી મે આંતરરાષ્ટ્રીય સ્તરે **'પર્યાવરણ ડે'** નાં નામે ઉજવવામાં આવે છે. આ બંને દિવસોએ સમગ્ર વિશ્વમાં પર્યાવરણ અને તેનો વિનાશ થતો અટકાવવા વિશે ચર્ચાઓ ચાલે છે. પરંતુ, પર્યાવરણની સુરક્ષા એ માત્ર એક જ દિવસ માટે નથી કરવાની. પરંતુ હંમેશાને માટે કરવાની છે. પર્યાવરણનું વૈજ્ઞાનિક સૂત્ર છે ; **''પર્યાવરણનું સંતુલન બગડે, એટલે સમગ્ર સંસારને મૃત્યુનું આમંત્રણ આપ્યું એમ કહેવાય.''** માનવી જ્યારે કુદરત સાથે ચેડા કરે છે, વિપરીત રીતે વર્તે છે ત્યારે માનવીએ એનો દંડ ભોગવવો જ પડે છે. પુષ્પોએ આપણી પૃથ્વીનો ચહેરો બદલી નાખ્યો છે. સુંદર મજાના રંગબેરંગી નાજુક પુષ્પો માનવીને ઋજુતાનો સંદેશો આપે છે. **'ખીલતા રહો, હસતાં રહો ને સૌને મળતાં રહો.'** નો પાઠ શિખવાડે છે. ધરતી કહે છે કે; ''હે માનવી હવે બસ કર; મારાં પર વધારે જુલ્મ ન કર. મારી સહનશક્તિની હદ આવતી જાય છે. ભૌતિકવાદ, ને યંત્રયુગના કારણે શીતલ, ચોખ્ખી હવાને બદલે, હવામાં ધૂમાડો વધે છે. આમ પ્રકૃતિનો રકાસ થાય છે. માનવીના સ્વાસ્થ્યનો પણ વિનાશ થાય છે. જ્વાળામુખી, ધરતીકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતોનો સામનો કરવો પડે છે.'' માનવજાતે પ્રકૃતિના સમતુલનમાં વિક્ષેપ નાખવાના જીવલેણ અખતરા શરૂ કર્યા. ત્યારથી પર્યાવરણની સમસ્યાના બીજ રોપાયા. પરંતુ એનો અહેસાસ તો આપણને ઘણો મોડો થયો. લીલાંછમ વૃક્ષો અને વનસ્પતિનો નાશ કર્યો. તેથી આબોહવામાં ઓઝોનનું પ્રમાણ સચવાયું નથી, એને પરિણામે છેલ્લાં અનેક વર્ષોથી દરેક વર્ષે ગરમીનું પ્રમાણ વાતાવરણમાં વધવા માંડયું છે. વિજ્ઞાની ઓના અંદાજ પ્રમાણે હવે દર વર્ષે પૃથ્વીનું તાપમાન ૦.૩° સેન્ટી. વધતું રહેશે. ભવિષ્યમાં આની અસર કેટલી ખતરનાક નીવડશે એની કલ્પના કરવા જેવી છે.

T.V. માં દર્શાવતી **'નેશનલ જ્યોગ્રોફિક'** નામની ચેનલ પર પૃથ્વીના ગોળાનું હોલોગ્રામ વાળું ચિત્ર એકવાર બતાવવામાં આવ્યું હતું. એમાં ચિત્રને સહેજ હલાવીને એમ નિર્દેષ કરતાં જણાવ્યું હતું કે, પૃથ્વીનો ગોળો ચૂંથાઈ ગયેલો લાગે. **'નેશનલ જ્યોગ્રોફિક'** આ ચિત્રના પ્રતીક દ્વારા કહેવા માગે છે કે માનવીએ સમૃધ્ધિ ભોગવી ભોગવીને પૃથ્વીને બગાડી નાખી છે. તો **'નેશન'** નામના એક પ્રતિષ્ઠિત મેગેઝીન આ ચેનલને લપડાક મારતો જવાબ મોકલ્યો કે, તમારૂં મેગેઝીન 'N.G.' મેકડોનાલ્ડની જાહેરખબર છાપે છે, તે શું છે ? મેકડોનાલ્ડ પોતાની ખાદ્યચીજોના પેકિંગ માટે પોલિસ્ટોરીન વાપરે છે. આ પોલિસ્ટોરીનમાંથી વાનગીઓ માટેના વિવિધ ગ્રુપ બનાવે છે. અંદાજે સાત કરોડ રતલ જેટલું આ મટિરીયલ માત્ર એક વર્ષમાં જ વપરાય છે. આ જોઈને તો હવે માત્ર ભારત, અમેરિકા જ નહીં, પણ દુનિયાના ઘણાં દેશોમાં વિવિધ ખાદ્યપેકીંગોમાં આ મટરીયલ વપરાય છે. જે આપણાં સંતાનોના શોખને પુરવા આપણાં ઘર સુધી આવી પહોંચ્યા છે. આ ગ્રુપ અને તેની પ્લાસ્ટીક પેકીંગ બેગ વપરાયા પછી ફેંકી દેવાય તે જમીનમાં નષ્ટ થતી નથી. તેને બાળવી પડે છે. જેમાંથી ભયંકર ઝેરી ગેસ નીકળે છે. જો જમીનમાં દાટી દેવાય તો તેમાંથી ઝેરી રસાયણો જમીન અને પાણીને દુષિત કરે છે. રસ્તામાં પડેલી હોય તો પશુઓનાં મોઢાંમા જાય છે. ને નિર્દોષ, અબોલ પશુઓ મૃત્યુ પામે છે. આવી જમીનમાંથી અને આવા પાણીથી ઉગાડેલું અનાજ કેન્સરને આમંત્રણ આપે છે. શ્વાસ લેવાથી અસ્થમા જેવા રોગનો શિકાર નાનાં બાળકો પણ બને છે. આમ મોજશોખ ખાતર કરાતો વૈભવ પૃથ્વીનું વાતાવરણ ઝેરી બનાવે છે.

પ્રભુ મહાવીર સ્વામીએ તેથી જ વિશ્વના લોકોને સંદેશો આપ્યો છે કે; 'જીવો અને જીવવા દો.' ''અહિંસા, અપરિગ્રહ, સંયમને જીવનમાં અપનાવો. પાણીને ઘી ની જેમ વાપરો.'' પૃથ્વીના તમામ તત્વો મળીને પર્યાવરણ અને વાતાવરણને રચે છે. તેની સમતુલા જાળવો.માત્ર વૃક્ષારોપણ કરવાથી કે 'હરિત મુંબઈ, સ્વચ્છ મુંબઈ' નાં બેનરો લગાવવાથી, અનેક સંસ્થાઓના યુવા કાર્યકરો ચોપાટી, જુહૂ, શિવાજીપાર્કના બીચ પર સફાઈ કરવા એક જ દિવસ માટે નીકળી પડે અને પર્યાવરણની સુરક્ષા કરી લીધી તેટલી સહેલી આ વાત નથી. પર્યાવરણની સમસ્યા એક વિકટ પ્રશ્ન બનતો જાય છે. તેથી આપણાં દેશનાં નેતાઓ અને દેશની પ્રજાએ આપણા અભિગમ અને અગ્રતાક્રમને બદલીને પર્યાવરણ વિશે નક્કર પગલાં લેવાની જરૂર છે. તો જ સૃષ્ટિનું અસ્તિત્વ અને આપણું આરોગ્ય જળવાશે.

❑ **શ્રીમતી ભારતી બી. શાહ**
**શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ**
**માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

## Undergraduate Education in USA After 12th

There exists a huge supply-demand imbalance when it comes to undergraduate education in India. We have few thousands colleges in various universities across the country, but more than a million students vying for these limited positions every year. Not only is supply limited, there are very few universities which are at par with international standards in terms of facilities, faculties and curriculum. Students today, are pressured to participate in a rat race focused on doing well in exams to gain berth in these colleges though not necessarily learn. Donation and influence are key and many times students compromise their line of interest due to capacity constraints. Many students get frustrated because of the hardships they face in getting admissions at an institution that they prefer and accept admissions to college/university where lot of their time is spent in commuting. This all has a disillusioning effect on the students, and there are cases of seemingly smart students losing interest in education, as studies become perfunctory.

> **"Studying in USA is not only about education but has various additional benefits that come with it."**

There are about 4,140[1] colleges and universities in the USA and its relatively easy to get admissions at these institutions. The option of studying in the USA is one that is worth thinking about as it can help build and fulfill dreams of those of the students who have either given up on further studies or are pursuing education just for the sake to is. Studying in USA is not only about education (which by the way is one of the best in the world) but has various additional benefits that come with it.

First and foremost, students get to study with a global diverse student population that will give them an insight into a world they never imagined. Cutting-edge technology, state-of-the art facilities that make them innovative, productive and efficient in their research and studies and flexibility to choose multiple fields of studies all provide maximum opportunity for learning. For e.g., a student here can major in engineering and minor in accounting or finance gaining exposure to both operations and management. High-tech libraries, bookstores like Barnes & Noble, Borders, etc. provide for good reading and learning facilities. The classroom size are typically small (35 students per class) which allows for more personalized attention.

Third and fourth year students get help and guidance from the college /university to get an internship or a job that firs their goals. With improving economy, finding a job is not difficult and will pay them a salary that is well above the Indian standards of living.

*(Cont. On Page ......... 4)*




# શ્રી પાટણ પાંજરાપોળ

ટ્રસ્ટ રજી. નંબર ઈ- ૩૯૯ પાટણ

: સંચાલિત :

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ - ખલીપુર**

**જીવદયા પ્રેમીઓને નમ્ર વિનંતી.....**



**શ્રી પાટણ પાંજરાપોળ સંસ્થાને ગુજરાત રાજ્યમાં શ્રેષ્ઠ પાંજરાપોળ તરીકે ગુજરાત સરકારે એવાર્ડ આપેલ તે આપણા ગૌરવ સમાન છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. પશુ માટેનો શેડ (ગ્રેનાઈટ તકતી ઉપર નામ) | રૂા.૧,૦૦,૦૦૦ | ૬. પશુઓને માસિક દવા-ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| ૨. કાયમી તીથી નિભાવ ફંડ (આરસની તકતીમાં નામ) | રૂા. ૫૧,૦૦૦ | ૭. કાયમી ઘાસની તીથી | રૂા. ૫૦૦૦ |
| ૩. પશુઓને લાપશી માટેની કાયમી તિથિ (આરસની તકતીમાં નામ) | રૂા.૩૧,૦૦૦ | ૮. વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા. ૩,૦૦૦ |
| ૪. પશુઓના આધાર સ્થંભ (આરસની તકતીમાં નામ) | રૂા. ૨૧,૦૦૦ | ૯. પક્ષીઓને કાયમી ચણ તિથિ | રૂા. ૨,૦૦૦ |
| ૫. પશુઓને એક દિવસનો ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ | | |





**જો હશે આપનું દાન......... તો બચશે પશુના જાન**

**મહીનામાં નીચે મુજબ દાન પ્રાપ્ત થયા છે.**

**સંસ્થાને આપેલ દાનની રકમ ૮૦ જી હેઠળ ઈન્કમટેક્ષમાં બાદ મળે છે.**

૧. **નવા બોર માટે :** માતબર રકમ શ્રી વિજયભાઈ હીરાલાલ શાહ કસુમ્બીયા પાડા

૨. **શેડ અને જીવો છોડાવવા અને નિભાવવા માટે :** માતબર રકમ થાઈલેન્ડ સંઘ તરફથી

સંપર્ક : મુંબઈ : મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧ ભાંગવાડી શોપીંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૨. ફોન : ૨૨૦૫૨૦૫૮ ● મે. સી. વાડીલાલ એન્ડ કું. મુંબઈ -૩. ફોન : ૨૩૪૨ ૯૦૧૨/ ૨૩૪૨ ૯૦૧૩ ● પાટણ : શ્રી પાટણ પાંજરાપોળ, પીંપળા શેરી, આઝાદ ચોક, પાટણ (ઉ. ગુ.) ફોન : ૨૨૦૨૦૩

**જીવદયા વિના ધર્મ નહીં, ધર્મ વિના સુખ-શાંતિ આબાદી નહીં.**

જા x ખ

**સૌજન્ય : મે. સી. વાડીલાલ એન્ડ કું.**

*(Cont. From Page ......... 3)*

With these levels of salary, students can establish a better life for them, and also provide financial support to their families back in India. After working here for few years, some of these graduates are also moving back home, bringing with them the values and professionalism learn in US. And best part of all, no long commutes to the place of study. That's right, typically students here stay very close to their campuses so that less time is spent in commuting and more on studies.




**"The biggest myth for parents in India is that their sons and daughters will get spoiled in an unsupervised environment with no family support."**

We hear of numerous students coming to USA for a post graduation degree (MS, MBA etc.) However, at undergraduate level the numbers continue to remain smaller either due to lack of family of financial support. The biggest myth for parents in India is that their sons and daughters will get spoiled in an unsupervised environment with no family support. Based on anecdotal evidence of students we've interacted with, it seems the opposite is true. Strict discipline at campus level and the semester system coupled with credit points; actually make students more attentive to their studies and psychological pressure of thoughts that parents are spending large money make them more serious on the studies. While in India many students become careless in 11th/13th and enjoy their time compensating so called hard work done by them in 10th/12th and land up with not good academic records. On the other hand the students coming to USA after 12th become more responsibility helps them not only settle faster but also become a contributing member to the family and society sooner.

The educational environment-very good faculties which include nobel laureates, excellent libraries, access to latest technologies and research, student life close to university, independence - provides an atmosphere conducive to learning and base for students to achieve studying further after 12th, have enjoyed studies after coming to USA.

PM USA can play a very important role helping patani students pursue their goals by supporting and nurturing their education in USA. We would like to propose setting up a Corpus [fund of about US$ One Million within 4 years] with funds raised from Patanis like you. The purpose of this fund would be to provide certain amount scholarships and educational loans to students from India looking to gain undergraduate education in the USA in conjunction with PJM Mumbai. PM USA can also be instrumental in helping students obtain educational loan / financial aids from the universities, financial institution and other sources. Additionally, Patanis in USA could provide emotional (family) support to the students in their area.

**Illustrative Expenses Per Year for Each Student (Depending on Location) :**

| | | |
|---|---|---|
| **Tuition Fee** | : | **$15,000** |
| **Living Expenses** | : | **$15,000 to $25,000** |
| **Total Expenses** | : | **$30,000 to $40,000** |
| **Annual average expenses** | : | **$35,000 per student** |

**Illustrative Source of Funds per year for each student :**

| | | | |
|---|---|---|---|
| **Scholarships** | : | **PJM-USA** | **$2,000** |
| | | **PJM-Mumbai** | **$1,000** |
| **Loan** | : | **PJM-USA** | **$11,000** |
| | | **Patan Bank** | **$11,000** |
| **Total Funding*** | : | | **$25,000** |

***Amount to be determined for each case based on availability of family finances, tution waivers and/or scholarships. Rest could be obtained by the student through other means like on campus part time jobs.**

*(Cont. On Page ......... 5)*

(Cont. From Page ......... 4)

PJM Mumbai can collect and scrutinize the application of the students. Incase of default in repayment by the students. PJM Mumbai can be instrumental in recovery of the loan from their guardian/guarantors if they are in India. PM USA can provide assistance to the students on the basis or recommendations received from PJM Mumbai. We currently have in place a loan program through PM Mumbai and Patan Bank and our experience in recovery of loans given to the students has been 1000% repayment.

Over the last couple of decades, the contingent of Patanis in USA has grown significantly and we are now well established in various walks of the society. Now is the time and opportunity for us all to help our fellow Patanis back in India. Similar to how Patanis migrated from Patan to Mumbai about a century ago and found success through help from fellow Patanis, we believe PM USA can be instrumental in providing opportunities within USA. We request you to establish PM USA with an initial view to support children in India for undergraduate studying in USA. Once established, we envision PM USA to become platform to promote other social and charitable works.

This project has potential to become one of the very useful projects for the members of Shri Patan Jain Mandal.

**For further details you may contact :**

***DINESH RASIKLAL SHAH***

*President and Managing Trustee*

***Shri Patan Jain Mandal***

*77, Marine Drive, F-Road, Mumbai 400020*

*Email:dineshrshah29@yahoo.com*

*Tel. No. 22811218 / 1346, Cell : 9820493906*

***DILIP V. SHAH (Past President Jaina)***

*President (designated)*

***Shri Patan Mandal USA***

*1902 Chestnut Street, Philadephia, PA 19103*

*E-mail:dilipvshah@gmail.com*

*Tel.: 215-561-0581, Cell : 215-868-0381*

***Visit our web site - www.patanmandal.org***

**Enroll your family details in on line VASTIPATRAK. Download the excel file from the site and sent it to saachi.sh@gmail.com**

## પાટણમાં પંચાસરા પાર્શ્વનાથ જીનાલયની ૫૫ મી વર્ષગાંઠ ઉજવાઈ

પ્રાચીન ઐતિહાસિક ધર્મનગરી પાટણમાં જૈનોના પ્રસિધ્ધ યાત્રાધામ **પંચાસરા પાર્શ્વનાથ જિનાલયની ૫૫ મી** વર્ષગાઠની ધર્મ અને ભક્તિના માહોલમાં હર્ષોલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. જૈનાચાર્યની નિશ્રામાં ભક્તિ-સંગીતના માહોલમાં પૂજા-પાઠ સાથે જૈનમ્ જયતિ શાસનમ્... ના જયઘોષ વચ્ચે જૈન ભાઈ -બહેનોની વિશાળ ઉપસ્થિતિમાં શુભ મુહર્તે મુખ્ય જિનાલયને તેમજ દેરાસર સંકુલમાં આવેલ તમામ દેરીઓને ધ્વજા ચઢાવવામાં આવી હતી.

વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે પંચાસરા પાર્શ્વનાથજી પ્રભુને સુંદર અંગરચના કરવામાં આવી હતી.

આ પ્રસંગે જેઠ સુદ ત્રીજ/ચોથના રોજ ૧૨-૩૯ કલાકે પંચાસરા પાર્શ્વનાથ ભગવાન તથા ૫૨ જીનાલયોના અઢાર અભિષેક ઉપરાંત રાત્રે ભાવનામાં ૧૦૮ દિવાની આરતી કરાઈ હતી જેઠ સુદ પાંચમમા રોજ સવારે ૯ ક્લાકે પ્રભુજીની અષ્ટપ્રકારીપૂજા, સત્તરભેદી પૂજન તેમજ ૯ મી પૂજામાં બાવન જીનાલય તથા શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનની ધજા ચઢાવાઈ હતી તેમજ પ્રભુને ભવ્યાતિભવ્ય આંગી સાથે રાત્રે ભાવના કરાઈ હતી. અનેક જૈન શ્રેષ્ઠીઓએ ધર્મ લાભ લીધો હતો.

આ પ્રસંગે નગરશેઠ વિરેન્દ્રભાઈ બી. શાહ, ચીનુભાઈ નેમચંદ શાહ સહિત પંચાસરા પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા મહાનુભવોએ ઉમંગભેર જોડાઈને સમગ્ર પ્રસંગને દિપાવ્યો હતો.

*(ક્રમશઃ પાના નં..... ૧૬ થી)* **સમાજ વિકાસ ફંડ**

- **શ્રી જે.કે. શાહ**, ભાભાનો પાડો
- **શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી**, કોબે-જાપાન
- **શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ**, કેશુશેઠનો પાડો
- **શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત શાહના** સ્મરણાર્થે, પોળનીશેરી
- **ડૉ. જયંતિલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે**, મનમોહનજીની શેરી
- **શ્રી રમેશભાઈ સનાલાલ શાહ**, મલ્લાતનો પાડો
- **શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ**, ખેતરવસી
- **શ્રી કંચનલાલ વાડીલાલ શાહ**, મનમોહનજીની શેરી
- **શ્રી ભગવાનદાસ પુનમચંદ શાહ, હ : શ્રી મનીષભાઈ ભગવાન દાસ શાહ (મદ્રાસ)**, કનાસાનો પાડો

**શુભેચ્છક દાતા**

- **સ્વ. શ્રી વાડીલાલ પીનાચંદ શાહ હ. શ્રી રમેશભાઈ, શ્રી હર્ષદભાઈ, શ્રી વિરેન્દ્રભાઈ** (લીમડીનો પાડો)

**સમાજ વિકાસ ફંડ વાર્ષિક રકમ**

| | |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા. ૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |

# BEYOND 2012, AFTER THE PARADIGM SHIFT

This is a time of great change in human history. A huge, historical mass event is about to happen that is going to change the way humanity's future will look and will cause a quantum leap in humanity's evolution. No one knows exactly how this will take place, but no longer will old systems and old paradigm ways of doing things be in place. This could be a gentle change or a violent one. It depends on what humanity decides to do with the challenges of the future as to how the world changes and Earth changes would manifest.

***Will This Even Be The Same Dimension ?***

Many sources say that this will not even be the same dimension that we are in anymore. Some believe that Earth and its inhabitants are actually moving into the 5th dimension. We are in the 4th dimension right now. The Mayans say there are 9 dimensions and that the 5th dimension is a place of balance because it is in the middle of the dimensions with 4 dimensions on each side of it. The Mayans say we all make it into the 5th dimension, at least everyone who has a 5th dimensional way of being, which is living with an open heart and compassion.

***The Healing of Humanity***

The healing of humanity is what will happen after the 2012 new paradigm shift. One way or another, humanity will continue after this shift, and things will be different. Whether it is for the better or worse has yet to be seen. The healing of the Earth will take place as well. Earth has healed from catastrophic events before, it will do so again. Remember, 2012 is when it all might start, and it won't be over for a few years, maybe even hundreds or thousands of years. It is not something that will take place in one day. It is a process of death of an old paradigm and the birth of a new paradigm, death of the old way of doing things and birth of the new way of doing things.

Birth and death are messy business so don't be surprised if it takes a while. It will be possible that the Earth might go through much destruction and mayhem that will very likely be human created. Healing of the mind., body and heart will come after that. Assistance will come in ways we cannot yet imagine. Humanity has been assisted many times.

It will take some time to get everything back on line again and for communication to be reestablished. Once that happens, things will move more quickly, but it can take a while. In the meantime, communities will come together and assist each other. Survival won't be so difficult if food storage was done and enough is available to share, as the food supply and harvests will be interrupted somewhat. Technically, according to some people's ideas of what might happen, anyone who was left on the surface of Earth would perish from exposure to the elements and climate changes anyway, so it won't matter how much food one stores if the elements are too harsh on the surface of the Earth.

Again, we will see what the future brings. There will be help. Many say Godself will heal the Earth overnight, and everyone on it will be healed too. Who knows, but it is not out of the realm of possibilities. If that doesn't happen, however, there will be ways to make do. People will help each other.

***A One World System Is Likely***

One government and one currency aren't bad ideas, actually. It wouldn't be such a bad plan if the 1% of humans in power today who are making these plans had their hearts in the right place. If compassion was exercised in constructing these ideas, it would be a good and wise plan. The process of planning for world cooperation and organization will begin once humanity and Earth have healed. Again, there may be Earth changes, maybe not. One thing we can count one though is that since humanity tends to be rather dramatic, some wild thing might unfold through human creation alone.

It is very likely that a one world system needs to happen, but a benevolent one could manifest instead of the malevolent one currently planned. The population is at a place now where cooperation is absolutely necessary and nations warring against nations simply cannot continue into the future. Humanity can now destroy itself through its own creations. It is imperative that compassion be exercised in business, economies, and treatment of each other from now on if humanity is to have a future, If a world currency and world economy were global, no longer can corporations go to another country and exploit the low wages of one country over another. Everyone everywhere should be able to make a decent living and have a decent way of life. In that sense, a global government and economic system would not be bad thing.

***(Cont. On Page ......... 7)***

*(Cont. From Page ......... 6)*

### *New Paradigm Economies, Earth Is very Abundant*

Even capitalism itself has to be examined. Obviously communism takes away the incentive to better oneself if higher wages cannot be obtained by taking the time and energy to educate oneself. However, it seems that somewhere in the middle between capitalism and communism is the fairest way to do things. For instance, perhaps a person can earn a million dollars in a year, but if they earn anything beyond that, it all goes back into the community pot and is shared withy masses. Then there will no longer be anyone holding more wealth than they could even spend in 20 lifetimes while others are literally starving to death.

Economists say that there is a million dollars on the Earth for every man, woman and child alive today, yet very few people have their million. Do you have yours ? If not, who is holding your share ? There are only a few people who hold the wealth of the world, and this is what has damaged the flow of abundance on the Earth. The Earth is very abundant place, but the ordinary person is held back from being abundant purposely by those how control the banking systems and the economy.

It is not really your fault that you are not abundant. You live in a system where it is very difficult to attain it because there are those who are hoarding it and purposely keep you in a slavery role to the economic system. It is designed to work that way. You can visualize and affirm all you want, but the system is what is an you'll only have so much success with those endeavors while a whole different mass consciousness creation is in effect. Only when the masses are all visualizing and affirming abundance, which is about to come with the 2012 paradigm shift, will the system as a whole change and then everyone can be abundant, not just some. That is what is changing in the new paradigm.

Different values, those of the heart, will be the prime directive for humanity instead of material gain and wealth. Up until now materialism, security of power over others has been the driving force for this mass creation, but that will no longer be the norm. With the abundance that Earth offers there is no reason that anyone should be starving or be in need. None at all except for the fact that the old paradigm methods that have kept humans in a state of suffering are put there for a reason. That time has come to a close and anyone who serves that directive will no longer be able to have influence on the Earth because that is not in alignment with the energies of the new paradigm.

Life in the new paradigm will be a more preferable reality to live in than the one surrounding you now. Everyone will have a chance to have a good life, not just some. Everyone will have the same opportunities and everyone will be fully awake. It will be a new humanity, a new Earth, and a new direction in human evolution. If it isn't, then humanity is most likely finished on this planet. Indeed, we will see what the outcome is. There is still a choice for the masses.

## શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ

**ચંપકલાલ કે. શાહ – રબી મેકર અર્પાટમેંટ, ૨૩૨ વાલકેશ્વર રોડ, મુંબઈ – ૪૦૦૦ ૦૬ ☎ ફોન : ૨૩૬૯૧૧૦૩**

આપણી સંસ્થા તરફથી જાન્યુઆરી ૨૦૧૦ માં કચ્છ ભદ્રેશ્વર પંચ તીર્થની યાત્રાનું આયોજન કર્યુ હતું. તેમાં ૮૦ સાધર્મિકોએ જોડાયેલ હતા.
હર્ષ સાથે જણાવવાનું કે આવતા નવેમ્બર ૨૦૧૦ ફાગણ વદ માં માઉન્ટ આબુ, જીરાવલા, પાવાપુરી, ભેરૂતારક, શીરોહી, બ્રાહ્મણ વાડો, રાતા મહાવીર, ઉદયપૂર, ચિતોડ ગઢ, કરડા પાર્શ્વનાથ આદિ તીર્થો ની યાત્રાનું આયોજન કરેલ છે.
તેમાં મોટી ઉમર ના ૫૫ વર્ષ થી ઉપર ૭૫ થી ૮૦ સાધર્મિકોને લઈ જવાની ભાવના છે. યાત્રાના મુખ્ય લાભાર્થીઓ **રૂા. ૫૦,૦૦૦/–**

(૧) *શ્રી વનરાજભાઈ પ્રતાપભાઈ દલાલ,* સીમલા હાઉસ – વસા વાડો
(૨) *કાંતીલાલ નાનાલાલ શાહ, હ. ભગવતી બેન,* જુહૂ – સાલવી વાડો
(૩) *કુમાર અનવર કેયુર ગાંધી, હ. પ્રકાશભાઈ તુલસીદાસભાઈ* – આબુધાબી
(૪) *કુમારી અનયા મયુરભાઈ ગાંધી, હ. પ્રકાશભાઈ તુલસીદાસભાઈ* – ભાવનગર
(૫) *શ્રીમતી જ્યોત્સનાબેન કુસુમચંદ્ર શાહ, હ. શ્રીમતી રચનાબેન શીરીષભાઈ,* અંધેરી – કેશુશેઠની પાડો

**• હજુ અમારે એક લાભાર્થી ની જરૂર છે. સંપર્ક સાધવા વિનંતી. • યાત્રામાં આવનાર ઇચ્છુકોએ સંસ્થાના સેંટરો માંથી ફોર્મ મેળવી લેવા. • ઉમરના દાખલા સાથે ફોર્મ ભરી તા. ૨૦-૭-૨૦૧૦ મોકલાવી આપવા.**

પાટણના માસખમણ, વર્ષિતપ, શ્રેણીતપ અને સિધ્ધિતપ તથા સંસ્થા તરફથી પરિક્ષામાં ઉકક્ષાએ ઉત્તીર્ણ થનારાઓનો બહુમાન નો મેળાવાડો
**તા. ૨૭–૬–૨૦૧૦** રવિવાર, બપોરના ૨.૩૦ વાગે રાખેલ છે. સ્થળ **શ્રી પાટણ જૈન મંડળ હોલ**, મરીન ડ્રાઈવ.
બાકી અન્ય તપસ્વીઓ, રાત્રિ ભોજન ત્યાગીઓ, ઉપધાન, ચોમાસુ, નવાણુ અને સામાયિક ના આરાધકોએ
તા. ૪–૭–૨૦૧૦, રવિવારે બપોરે સૌનાં સેંટરોમાંથી પ્રભાવના મેળવી લેવી.

જા x ખ



# સમૂહ લગ્ન નો અહેવાલ

**શ્રી પાટણ જૈન મંડળ** તથા **શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા** ના સંયુક્ત ઉપક્રમે પ્રોગ્રામ સમિતિના નેજા હેઠળ ૨૩ મો સમૂહ લગ્ન આઈ બી પટેલ હોલ, ગોરેગામ ખાતે તા. ૩૦ - ૫ -૨૦૧૦ રવિવારે યોજાયો હતો. સમૂહ લગ્ન માં બે દંપતીઓએ પ્રભુતા માં પગલાં માંડયા હતાં.

પ્રોગ્રામ સમિતિના માનદ મંત્રીઓ તથા સભ્યોએ **દાતાશ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા** પરિવાર તથા શ્રી પાટણ જૈન મંડળના ટ્રસ્ટી શ્રી નવિનભાઈ નેમચંદ શાહ, ઉપ-પ્રમુખ ભરતભાઈ દલપતભાઈ શાહ માનદ્ મંત્રી (એડમિ.) શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ,માનદમંત્રી (ફાઈ.) શ્રી મુકેશ દીલીપભાઈ શાહ, પ્રોગ્રામ સમિતિ ના સભ્યો, આમંત્રિત સભ્યો તથા નવદંપત્તીના આમંત્રિત મહેમાનો ને આવકાર્યા હતા. તેમણે મંડળ ના પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ નો અમેરીકાથી આવેલ શુભેચ્છા સંદેશો વાંચી સંભળાવ્યો હતો.

ઉપ-પ્રમુખ શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહે સંસ્થાની પ્રવૃત્તિઓ નો અહેવાલ આપ્યો હતો. ટ્રસ્ટી શ્રી નવિનભાઈની વિનંતી ને માન આપી દાતા શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદભાઈ તેલીયાવાળાએ સમુહ લગ્નના ખર્ચમાં જે તોટો આવે તે પુરેપૂરી રકમ આપવાની જાહેરાત કરી હતી.

સંસ્થાના ઉચ્ચ હોદ્દેદારો તથા મહાનુભવોને હસ્તે નવયુગલો ને વિવિધ શુભેચ્છકો તરફથી આવેલ ભેટ સોગાદ અર્પણ કરી સુખી લગ્ન જીવનની કામના કરવામાં આવી હતી.

સંસ્થાના કાર્યવાહક પ્રમુખ શ્રી ભરતભાઈ નેમચંદ શાહ તથા ટ્રસ્ટી શ્રી નવિનભાઈએ પ્રોગ્રામ સમિતિના માનદ્ મંત્રીઓ શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ તથા શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ ની ઉત્તમોત્તમ આયોજન, જહેમત અને તેની સફળતા માટે પીઠ થાબડી હતી. સમિતિના અન્ય કાર્યકરો ઉપરાંત સંસ્થાના માનદ્ મંત્રી (ફાઈનાન્સ) શ્રી મુકેશભાઈ દીલીપભાઈ શાહ, શ્રી સુધીરભાઈ નવિનચંદ્ર શાહ, શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતીલાલ દેવડાવાલા, શ્રી ભદ્રકાંતભાઈ પ્રેમચંદ શાહ, શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહના અનન્ય યોગદાનને બિરદાવ્યો હતો.

સમૂહ લગ્નમાં ભેટ સોગાદ આપનાર દાતાશ્રીઓનો આભાર માનવામાં આવ્યો હતો. સમૂહ લગ્નનાં પાનેતર, સાડીઓ વિ. સામાન ખરીદીમાં શ્રીમતી મિનાક્ષીબેન કીર્તિલાલ શાહનો બહુમૂલ્ય ફાળો રહ્યો હતો.

પ્રોગ્રામ સમિતિના માનદ મંત્રી શ્રી વિક્રમભાઈ સારાભાઈએ આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે શ્રી ગોરેગામ પાટણ જૈન મિત્ર મંડળ ના કમીટીના સભ્યોનો પણ આભાર માનવામાં આવ્યો હતો. લગભગ ૭૦૦ થી ૮૦૦ વ્યક્તિઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સાગર કેટરર્સના શ્રી ગણપતભાઈ એ સ્વાદિષ્ટ સુંદર ભોજન કરાવ્યું હતું. ત્યારબાદ સૌ વિખરાયા હતા.

**-: સમુહ લગ્નમાં ભેટ આપનાર દાતા ના નામ :-**

૧) **શ્રી પાટણ જૈન મંડળ :**
૨૦ ગ્રામ ચાંદિનો સ્મૃતિચંદ્રક તથા કવર

૨) **શ્રી જયંતિલાલ મણીલાલ દેવડાવાળા (લીમડીનો પાડો) :**
૨૫૦૦ ના કિસાન વિકાસ પત્ર

૩) **શ્રી સુધીરભાઈ નવિનચંદ્ર શાહ (મારફતીયા મહેતાનો પાડો) :**
પાનેતર

૪) **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ (કુંભારીયા નો પાડો) :**
સાડી, ડ્રેસ તથા કન્યાઓને બેગમાં અન્ય ઉપયોગી વસ્તુ

૫) **શ્રીમતી ભારતીબેન ભદ્રકાંત પ્રેમચંદ શાહ (ઢંઢેર વાડો) :**
સુટકેશ

૬) **શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ (કલકત્તાવાળા) (મારફતીયા મહેતાનો પાડો) :**
સ્ટીલની પવાલી

૭) **શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ (કનાસાનો પાડો) :**
સ્ટીલના વાસણનો સેટ

૮) **શ્રી વિક્રમભાઈ નેમચંદ શાહ (ખેતરવસી) :**
બ્લેન્ડર, ટોસ્ટર

૯) **શ્રીમતી દીવ્યાબેન ભુપેન્દ્રભાઈ મુલચંદભાઈ શાહ (સંઘવીનો પાડો)**
કુકર, ઇસ્ત્રી

૧૦) **શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ (મારફતીયા મહેતાનો પાડો) :**
મીક્ષર ગ્રાઈન્ડર

❑ **પ્રોગ્રામ સમિતિ**

## લગ્ન સંબંધી

| | |
|---|---|
| **Name** | : **Viral Subhash Shah** |
| **Father's Name** | : Dr. Subhash Jamnadas Shah (M.S. Surgery) |
| **Mother Name** | : Dr. Bharti Subhash Shah (M.D.D.G.O.) |
| **Date of Birth** | : 31-10-1985 |
| **Time & Place** | : (4.45 PM) - Patan |
| **Patan Mohalla** | : Vasa Wado, Madarsa at Present Shiv Park Society, Opp Bharti Society, Patan |
| **Education** | : M.B.B.S. (Baroda) Doing **M.S. Surgery at Baroda.** |
| **Phone/Mobile** | : **(02766) 230988 / 09998757408** |

**Medicos, Dental, Pass Medical Highly Educated Preferred**

જા x ખ

## સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણિલાલ ઝવેરી (સાહેબા) સાંસ્કૃતિક પ્રવૃત્તિ દ્વારા પ્રોગ્રામ સમિતિએ **'વન્ડર કીડસ'** કાર્યક્રમનું સુંદર આયોજન કર્યુ હતું.

આ પ્રસંગે પ્રોગ્રામ સમિતિ ના માનદ મંત્રી શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહે આવકારતાં કહ્યું હતું કે, ખૂબજ ઓછા સમય માં આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રોગ્રામ સમિતિના માનદ મંત્રીઓ મંડળ ના હોદ્દેદારો, પ્રોગ્રામ સમિતીના સભ્યો અને આમંત્રિત સભ્યો એ જહેમત લઈને સમિતિના પ્રોગ્રામ સફળ બનાવ્યો તે બદલ તેઓને ખુબ ખુબ અભિનંદન. આ પ્રસંગે મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે ફોન કરીને અમેરીકાથી શુભેચ્છા પાઠવી હતી.

ત્યારબાદ દાતાશ્રી જતીનભાઈ ચંદ્રકુમાર ઝવેરી નું બહુમાન મંડળના કાર્યવાહક પ્રમુખ શ્રી ભરતભાઈ નેમચંદભાઈ શાહે પુષ્પગુચ્છ આપી ને કર્યું હતું. વન્ડર કીડસ ના શ્રી પરેશભાઈ મિસ્ત્રી નું બહુમાન પ્રોગ્રામ સમિતિના માનદ્ મંત્રી, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહે કર્યું હતું, અને શ્રી શૈલેષભાઈ નું બહુમાન પ્રોગ્રામ સમિતિ ના માનદ મંત્રી શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહે કર્યું હતું.

આ પ્રસંગે શ્રી હિતેનભાઈ ગાલા તરફથી જાહેરાત કરવામાં આવી હતી કે, પાટણના કોઈપણ બાળકમાં ખાસ ટેલેન્ટ હોય તો તેમણે શ્રી પાટણ જૈન મંડળ માંથી ફોર્મ લઈ ભરી ને આપશે તો તેમને તરતજ ઓડિશન માટે બોલાવવામાં આવશે અને તેઓમાંથી જે બાળક પાસ થશે તેને કાર્યક્રમમાં સામેલ કરવામાં આવશે.

કાર્યવાહક પ્રમુખ શ્રી ભરતભાઈ નેમચંદ શાહે તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ ટુંક સમય માં યોજાયો હતો અને તેના ડોનેશન પાસ સંપૂર્ણપણે વેચાઈ ગયા તે બદલ તેમણે સમિતિના મંત્રીઓ, મંડળના હોદ્દેદારો, સમિતીના સભ્યો અને સમિતિના આમંત્રિત સભ્યોનો આભાર માન્યો હતો. જે પ્રમાણે ટીમવર્ક થી કામ સફળતા માટે તેમણે પાંચ સફળ ચાવીઓ ગણાવી હતી. (૧) પ્રોગ્રામ સીલેક્શન (૨) ટીમ વર્ક (૩) પાંચ જગ્યા એ થી વેચાણ (૪) મેનેજમેન્ટસ્કીલ (૫) પ્રતિભાવ

તેઓએ દાતાશ્રી જતીનભાઈ ઝવેરીનો પણ આભાર માની મંડળ ની વિવિધ પ્રવૃતિ ઓ નો ખ્યાલ આપ્યો હતો. આ વર્ષે મેડિકલ માં ૫૦ લાખ - શિક્ષણ ક્ષેત્રે, ૫૫ લાખ -સમાજ વિકાસ, કાર્યો માટે - ૪૦ લાખ તથા અન્ય સમિતિઓના કાર્યો માટે સારી એવી રકમ ફાળવ્યા નો અહેવાલ આપ્યો હતો. તેમણે મંડળ ટ્રસ્ટી શ્રી નવિનભાઈ નેમચંદ શાહ (ગુંદરવાળા) ના નિર્ધાર પર સમાજ વિકાસ માટે એક વર્ષમાં દોઢ કરોડ ભેગા થયા હોવાનું જણાવ્યું હતું. રીવોલ્વીંગ ફંડ માં રૂા. ૬૧ લાખ અને મેમોરીયલ ફંડ માં રૂા. ૧૦ લાખ નોંધાયા હોવાનું જણાવ્યું હતું. તથા મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકભાઈ શાહ હાલ અમેરીકામાં હોઈ તેઓ દ્વારા યુએસએ માંથી ડોનેશન મેળવવા માટેના પ્રયાસો ચાલુ છે, તેનો આછો ખ્યાલ આપ્યો હતો. આ ઉપરાંત શ્રી પાટણ મિત્ર મંડળ (USA) ને અસ્તિત્વમાં લાવવાના તેમના પ્રયત્નોને બિરદાવ્યા હતા. અંતે તેમણે પ્રોગ્રામ સમિતિને ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા.

પ્રોગ્રામ સમિતિના મંત્રી શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહે સર્વેનો આભાર માન્યો હતો. અને અગત્યની જાહેરાત કરી હતી કે, આપણા મંડળ ના સંનિષ્ટ મેનેજર શ્રી મનુભાઈ જોષી ને આપણી સંસ્થામાં જોડાયે આજે ૪૯ વર્ષ પુરા કરી ને ૫૦ માં વર્ષમાં પદાર્પણ કરે છે. કાર્યવાહક પ્રમુખ શ્રી ભરતભાઈ નેમચંદ શાહે તેઓની સંનિષ્ઠ સેવાઓ, સફળ કાર્ય પધ્ધતી બદલ તેમનું પુષ્પગુચ્છ થી બહુમાન કર્યું હતું. અને શુભેચ્છા સહ તંદુરસ્ત દિઘાર્યું ઇચ્છયુ હતું.

અંતમાં પ્રોગ્રામની સફળતામાં મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોશી તથા શ્રી જંયતિભાઈ દેસાઈ અને સર્વે કર્મચારીઓની મહેનતને બિરદાવી ધન્યવાદ આપ્યા હતા. આ પ્રસંગે, સ્વાદિષ્ટ ભોજન બદલ અમૃત કેટરર્સના શ્રી જશુભાઈ નો આભાર માનવા માં આવ્યો. અને હવે પછી નો પ્રોગ્રામ ઓગષ્ટ માસમાં વ્યાખ્યાનમાળા અને જાન્યુઆરી માં ટેલેન્ટ પરેડ ની જાહેરાત કરવામાં આવી હતી.

❑ **પ્રોગ્રામ સમિતિ**


## શ્રી વાલકેશ્વર પાટણ જૈન મિત્ર મંડળ

**C/o : મુન ગ્રુપ, કામા બિલ્ડીંગ, દલાલ સ્ટ્રીટ, મુંબઈ -૦૧.**
**મો. ૯૩૨૩૨૩૭૦૨૩**

**પાટણ શહેરના કોલાબાથી દાદર સુધી રહેતા અથવા ઓફિસ ધરાવતા પટણી પરિવારો માટે સભ્યપદની યોજના :**

| સભ્ય કેટેગરી | સિંગલ સભ્ય ફી રૂા. | દંપતી સભ્ય ફી રૂા. |
|---|---|---|
| વાર્ષિક (સામાન્ય સભ્યપદ) | ૨૦૦૦/– | ૩૦૦૦/– |
| ત્રિવાર્ષિક (સામાન્ય સભ્યપદ) | ૪૫૦૦/– (ફી ૧૫૦૦ લેખે) | ૭૫૦૦/– (૨૫૦૦ લેખે) |
| સિલ્વર સભ્યપદ (વાર્ષિક) | ૪૦૦૦/– | ૬૦૦૦/– |
| ગોલ્ડ સભ્યપદ (વાર્ષિક) | ૫૦૦૦/– | ૯૦૦૦/– |
| સુપર ગોલ્ડ (લાઈફ મેમ્બર – ૧૦ વર્ષ માટે) | – | ૧ લાખ |

- **યુવા આકર્ષણ :** મહાનુભાવોના ૨૫ થી ૪૦ વર્ષના પરણેલા દિકરા–વહુ ફકત વડીલ સાથેનું સભ્યપદ ૫૦ ટકાની વળતર કિંમતે મેળવી શકશે. આ યોજનામાં ફકત ૩૦ દંપતિ સભ્ય સ્વીકારશે, ત્યારબાદ પૂરી કિંમત.
- **અપરિણીત સંતાનો** વય ૧૮ થી ઉપરના વડીલ સાથેનું સભ્યપદ ૫૦ ટકાના વળતર કિંમતે મેળવી શકશે. આ યોજનામાં પણ ૫૦ સભ્યો સુધી લેવામાં આવશે, ત્યારબાદ પૂરી કિંમત.
- **બહેનો-દિકરીઓ :** પાટણની બહેન/દિકરીના લગ્ન પાટણ બહાર જૈન પરિવારમાં થયા હોય પરંતુ કોલાબાથી દાદર સુધી રહેતા હોય અથવા ઓફિસ હોય તો તેઓ માટે ૫૦ ટકાના વળતર કિંમતે લવાજમ ભરી શકશે. આ યોજનામાં ફકત ૫૦ (દંપતિ) સ્વીકારાશે, ત્યારબાદ પૂરી કિંમત.
- **સભ્યોએ જાણવા જેવું : બંધારણ પ્રમાણે સેવા કાર્યો :** માનવ રાહત– જીવદયા – કેળવણી – ધાર્મિક કાર્યોના અભિયાન માટે કાર્યક્રમો.
- સુપર ગોલ્ડ સભ્યપદ માટે રૂા. ૧ લાખ ભરવાના રહેશે. આ રકમ ૨૫ હજાર તુરંત, તથા બાકીના રૂા. ૭૫ હજાર (રૂા. ૨૫ હજાર ના ત્રણ ચેકો) એક વર્ષની અંદર (માર્ચ ૨૦૧૦) ભરવાના રહેશે.
- સભાગૃહમાં પ્રથમ બે હરોળ કમિટી/ ટ્રસ્ટીઓ/ આમંત્રિતો માટે રહેશે, ત્યાર પછીની બે હરોળ સુપર ગોલ્ડ સભ્યોની રહેશે.
- સુપર ગોલ્ડ માથી (અપવાદ સિવાય) ટ્રસ્ટી તરીકે લેવાશે.

જા x ખ

## વિકલાંગ ઉત્કર્ષ સમિતિ

* વેકેશન એટલે મઝા જ મઝા દિશાના બાળકો માટે આપણા જ દાદાજીએ **''હિન્દુ જીમખાના''** ખાતે તા. ૨૦-૫-૨૦૧૦ ના ઢળતી સાંજે સ્નેહ મિલનનું આયોજન કર્યુ હતું. લગભગ ચાર કલાક ચાલેલ કાર્યક્રમમાં લાજવાબ ફુડની સાથે સૌએ હાઉસીની પણ મઝા માણી હતી. જેમા બાળકો તથા તેના પરિવારજનોએ ખુબજ ઉત્સાહ જોવામાં આવેલ.
આ પ્રસંગે શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ (કપુર મહેતાનો પાડો) તરફથી દરેક બાળકોનું બહુમાન કરવામાં આવેલ.
* પાટણ સ્થિત વિકલાંગ બાળકો દ્વારા ચાલતી **'દિશા વર્કશોપ'** પા... પા... પગલી પાડતી પ્રગતિના પંથે પ્રયાણ કરી રહેલ છે. શ્રી પાટણ જૈન મંડળ દ્વારા અપાયેલ બાજુની જ જગ્યામા એક માસના ટુંકાગાળામાં પોળની શેરીના શ્રી ચંદ્રકાંતભાઈ ચીમનલાલ શાહના સુપુત્ર ચિ. અમીતભાઈના સંપૂર્ણ સહયોગ દ્વારા જગ્યાનુ પુરેપુરૂ સમારકામ કરાવી શક્યા છીએ, જે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.ઉપયુક્ત નવી જગ્યામાં ફીઝીયોથેરેપી સેન્ટર શરૂ કરવાનું સમિતિ દ્વારા નક્કિ કરવામાં આવેલ છે. તેના અનુસંધાનમાં શ્રી નીલેશભાઈ ભદ્રકુમાર શાહ (ખેતરપાળનો પાડો) દ્વારા **"Rotary Club of Bombay Peninsula"** સાથે કરવામાં આવેલ વાતચીત બાદ ફીઝીયોથેરેપી સેન્ટરમાં સાધનો વસાવવા રૂા. ૩૮૦૦૦/- નું અનુદાન પ્રાપ્ત થયેલ છે તે બદલ આભાર વ્યક્ત કરવામાં આવે છે.
* પાટણ સ્થિત **'દિશા કાર્યશાળા'** માં તૈયાર કરવામાં આવેલ ધૂપ-અગરબત્તીનું વિતરણ શનિવાર, તા. ૧૨/૬/૨૦૧૦ ના મંડળના કાર્યક્રમ **''લીટલ કીડસ''** દરમીયાન બીરલા માતુશ્રી સભાગૃહ ખાતે રાખવામાં આવેલ. જેનો ઉપસ્થિત સદસ્યોએ બહોળા પ્રમાણમાં લાભ લીધેલ.



## શુભ વિવાહ



**સંવત ૨૦૬૬ નિજ વૈશાખ વદ-૩, રવિવાર, તા. ૩૦-૫-૧૦**

શ્રી નરેશભાઈ શાંતીલાલ શાહના સુપુત્ર **ચિ. ભાવિક** (કસુંબીયાવાડો)
શ્રી રાજેશભાઈ નવીનચંદ્ર શાહની સુપુત્રી **ચિ. તેજલ** (વખતજીની શેરી)
શ્રી અનીલભાઈ અમૃતલાલ શાહના સુપુત્ર **ચિ. અમીત** (નિશાળનો પાડો)
શ્રી દિક્ષીતભાઈ જયંતીલાલ શાહની સુપુત્રી **ચિ. મેઘના** (લીમડીનો પાડો)
શ્રી યતીનભાઈ પ્રતાપચંદ શાહના સુપુત્ર **ચિ. કૌશલ** (ઢંઢેરવાડો)
શ્રી દિલીપભાઈ કેશવલાલ મહેતાની સુપુત્રી **ચિ. રચના** (વાંકાનેર)

**સંવત ૨૦૬૬ વૈશાખ વદ - ૯, રવિવાર, તા. ૬-૬-૧૦**

શ્રી ભરતભાઈ શાહના સુપુત્ર **ચિ. આશિષ** (-)
શ્રી નરેદ્રભાઈ બાબુલાલ શાહની સુપુત્રી **ચિ. માનસી** (બારફતીયા મહેતાનો પાડો)
શ્રી ભરતભાઈ નગીનદાસ શાહના સુપુત્ર **ચિ. વિસ્મય** (પાલનપુર)
શ્રી રાજેશકુમાર ચંદુલાલ શાહની સુપુત્રી **ચિ. ચૈતાલી** (લીમડીનો પાડો)
શ્રી વિનોદભાઈ સ્વરૂપચંદ શાહના સુપુત્ર **ચિ. કીંજેશ** (વાપી)
શ્રી વિલાસભાઈ બાબુલાલ શાહની સુપુત્રી **ચિ. સલોની** (ચોધરીનો શેરી)

**સંવત ૨૦૬૬ નિજ વૈશાખ વદ-૨, શનિવાર, તા. ૨૯-૫-૧૦**

શ્રી ચંદ્રકાંતભાઈ સનાલાલ શાહના સુપુત્ર **ચિ. મનીષ** (અબજીમહેતાનો પાડો)
શ્રી દીપકભાઈ ગુણવંતલાલ શાહની સુપુત્રી **ચિ. મિકીતા** (લીમડીનો પાડો)

## ભૂલ સુધાર

**શ્રી પાટણ જૈન મંડળના** એપ્રીલ '૧૦ અંકમા સાભાર સ્વીકાર વિભાગમાં રૂા. ૨૫૦૦૦/- શ્રીમતી જ્યોતીબેન હર્ષદભાઈ શાહ શરત ચુકથી છપાયેલ છે. જેને બદલે **સ્વ. શ્રી વાડીલાલ પાનાચંદ શાહ હ: શ્રી રમેશભાઈ, શ્રી હર્ષદભાઈ તથા શ્રી વિરેન્દ્રભાઈ (લીમડીનો પાડો)** સુધારીને વાંચવું.
❑ સંપાદક સમિતિ


**શ્રી પાટણ પંચાયત ફંડ** સંચાલિત **શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**,
ટાંગડિયા વાડો, પાટણ - ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

## નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ✦ **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-** ✦ **કાયમી ફી પાસ યોજના : રૂા. ૭૧,૦૦૦/-** રકમ આપીને એક સાધર્મિક ભાઈ અથવા બહેનને કાયમી ફ્રી જમાડી શકો છો. દાતાની ફોટો સંસ્થામાં મૂકવામાં આવશે.
**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ✦ **દાતા ફોટો યોજના :રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો. તિથિના દિવસે બોર્ડ પર નામ લખવામાં આવશે.

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે.**

સાધુ, સાધ્વી , શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જેની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થકરની બરાબર કરવામાં આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટકાર્ય કરી શકો છો.
જા+ખ સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**
જા x ખ

## મુમુક્ષુ અભિવાદન

સુસંસ્કૃત પરિવારમાં જન્મેલ શ્રીમતી ચંદ્રાવતીબેન અને કુ. દીપ્તિબેનને ધર્મના સંસ્કાર ગળથૂથીમાં જ પ્રાપ્ત થયા. ઉચ્ચ અભ્યાસ સાથે ધર્મ આરાધના, આધ્યાત્મિક સાધના થકી મુમુક્ષુઓમાં ધર્મ ચેતનાનો અવિરત સંચાર થયો. આદિશ્વરદાદાની શીતળ છત્રછાયામાં મહામંગલકારી સંયમ પ્રવ્રજયાની ઉત્કૃષ્ટ ઈચ્છા તેઓએ પ્રદર્શિત કરી. સમગ્ર પરિવારના પ્રેમ તથા માયા-મમતાને ઉપકારી ગણી જીન શાસનને ચરણે તથા શરણે જીવન સમર્પિત કરવાની મહેચ્છાને વળગી રહ્યા. અખૂટ, અટૂટ અને લખલૂટ પ્રેમબંધન અને સુખ સાહ્યબીમાં ઉછરેલ બન્ને ધર્માત્માઓને જીનશાસનના શણગાર અને અણગાર બનવાની સ્વીકૃતિ મળતા જીવન સાફલ્યની અનુભૂતિ પ્રાપ્ત થઈ. પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કરવાના પડઘમ ગાજી ઉઠયા. વ્હાલાને વિદાય આપવા વિજય તિલક કરી પરમાત્મા દર્શિત પરમ પંથે પ્રયાણ કરવાનો મહાભિનિષ્ક્રમણ મહોત્સવ સુનિશ્ચિત થયો.

રવિવાર, તા.૧૩-૦૬-૨૦૧૦ ના રોજ શાસન પ્રભાવનાની ભવ્યાતિભવ્ય ઐતિહાસિક રજવાડી શોભાયાત્રા સાથે વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો. સમગ્ર શાહ તથા પત્રાવાલા પરિવારે ઈન્દ્રધ્વજા, રથ, ગાડીઓ, શણગારેલ સાંબેલાઓ, અઢાર પાપ સ્થાનકની રચનાવાળી બળદગાડી, સમોવસરણ વિગેરે સાથે ઉત્સાહ ભેર ભાગ લઈ હર્ષાશ્રુ વર્ષાવ્યા હતા. ગરમી કે વરસાદની અવગણના કરી શ્રધ્ધાળુઓ ''જૈન શાસન જયવંતુ વતા'', ''જૈનમ્ જયતિ શાસનમ્'', ''દીક્ષાર્થી અમર રહો''ના ગગનભેદી જયનાદો માનવ મેદની કરી રહી હતી. અમુલ્ય વર્ષીદાનની વણથંભી વર્ષા થઈ રહી હતી. જૈન સંયુકત મંડળ તથા વિવિધ બેન્ડની સુરાવલી ગુંજી રહી હતી. જૈન તેમજ જૈનેતરોના નયનો મુમુક્ષુઓ પ્રત્યેના અહોભાવથી સસ્નેહ છલકી રહ્યા હતા.

શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ દ્વારા મંગળવાર, તા.૨૨-૬-૨૦૧૦ ના હિન્દી વિદ્યાભવન, મરીન ડ્રાઈવ ખાતે સાંજના ૭.૦૦ વાગે, મલ્લાતના પાડાના મુમુક્ષુ શ્રીમતી ચંદ્રાવતીબેન કીર્તિલાલ શાહ તથા કુ.દીપ્તિબેન કીર્તિલાલ શાહનો અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ અભિવાદન સમારોહમાં શ્રી પાટણ જૈન મંડળ ઉપરાંત શ્રી મરીન ડ્રાઈવ જૈન પાઠશાળા, શ્રી પ્રાર્થના સમાજ, વિલેપાર્લે, અંધેરી, ગોરેગામ, બોરીવલી પાટણ જૈન મિત્રમંડળ, મલ્લાતના પાડાના ભાઈઓ, તથા પાટણ કો-ઓપરેટીવ બેન્ક લિ. વિગેરે સંસ્થાઓ જોડાઈ હતી.

સમારંભ સ્થળ હિન્દી વિદ્યાભવન સ્કુલના એસ.કે.સોમાણી હોલ, ખાતે પધારતા મુમુક્ષુ બહેનોનું, મંડળના કાર્યવાહક પ્રમુખ શ્રી ભરતભાઈ નેમચંદ શાહના ધર્મપત્ની શ્રીમતી સુરેખાબેન તથા શ્રીમતી ઉષાબેન મહેન્દ્રભાઈ શાહ દ્વારા વિજય તિલક તથા અક્ષત દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રીમતી મિનાક્ષીબેન કીર્તિલાલ શાહ તેમજ શ્રીમતી ભારતીબેન પ્રેમચંદ શાહના મધુર કંઠે નવકાર મંત્રના સ્મરણથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

અભિવાદન સમારંભની શરૂઆતમાં મંડળના માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન) શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહે જણાવ્યું હતું કે, શ્રી પાટણ જૈન મંડળના આજીવન સભાસદો તથા સંસ્થાના દાતા, દીર્ઘદષ્ટા અને પૂર્વ પ્રમુખ મુરબ્બી શ્રી પોપટલાલ ભીખાચંદ શાહના પુત્રવધૂ મુમુક્ષુ શ્રીમતી ચંદ્રાવતીબેન કીર્તિલાલ શાહ તથા કુ.દીપ્તિબેન કીર્તિલાલ શાહ તા.૪-૦૭-૨૦૧૦ ના રવિવારે સુરત મુકામે ભગવતી દીક્ષા અંગીકાર કરશે. તેઓએ જણાવ્યું હતું કે, સામાન્ય સંજોગોમાં પરિવારના પોતીકા જયારે દુર થાય ત્યારે વિરહની વ્યથા અને વેદના કયારેક અસહ્ય બનતી હોય છે. માડીના ઉદરમાંથી જ બાળકમાં જીવન અને ધર્મના સ્પંદનો પ્રગટતા હોય છે.

મંડળના માનદમંત્રી(એડમીનીસ્ટ્રેશન) શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ દ્વારા પધારેલ સર્વે માનવંતા મહેમાનોનું શબ્દોના સાથીયા વડે સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ પાટણ કો-ઓપરેટીવ બેન્ક લિ. વતી ચેરમેન શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહ, મંડળના માનદમંત્રી(ફાઈનાન્સ) શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ, શ્રી અરવિંદભાઈ જેશીંગલાલ શાહ, શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી પંકજભાઈ નેમચંદ શાહ, શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ, શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ તથા શ્રીમતી પીનાબેન જનકભાઈ શાહ દ્વારા મુમુક્ષુ બહેનોનું શ્રીફળ, શાલ, માળા તથા કવર વગેરે એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

મલ્લાતના પાડાના શ્રીમતી હસુમતીબેન અરવિંદભાઈ શાહ તથા શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ વિગેરે મહોલ્લા તરફથી સન્માનપત્ર એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.

શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ શાંતીલાલ શાહે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યુ હતુ. શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર

લગ્ન પ્રસંગે તેમજ નાના મોટા શુભ પ્રસંગોએ ઉત્તમ સર્વિસ સાથે સંતોષજનક તથા વ્યાજબી ભાવે જમણવાર - કેટરીંગ કરી આપીશું.
**સાગર કેટરર્સ**
**(જૈન આહારના સ્પેશાલીસ્ટ)**
ગણપતભાઈ 98200 75788
પ્રકાશભાઈ 93222 63603
ચન્દ્રમણિ, ૭૮૮, હનુમાન રોડ, વિલેપાર્લે (ઇસ્ટ), મુંબઈ -૫૭
ઓ : 26117310 / 32970445 ઘર : 2683 1483 જા X ખ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ESTD : 1998
૧૧ વર્ષથી પાટણ પરિવાર ના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો
**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવીધા સાથે.... ડાયરેક્ટ મીટીંગ ની વ્યવસ્થા
સ્પેશ્યલ ક્લાસ માટે ઈ-મેઈલ ફેશીલીટી, વધુ વિગત માટે સંપર્ક :
**શ્રીમતી અલ્પા શાહ : 02502500135 - 9823218746**
સમય : 9 to 12 સાંજે 7 to 10 • Email : alpashah5@yahoo.co.in
દર અમાસે અમારો મેરેજ બ્યુરો બંધ રહેશે. જા X ખ

શાહ, શ્રી અરવિંદભાઈ જેશીંગલાલ શાહ, શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ તથા શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહે શાલ, શ્રીફળ, કવર તથા સન્માનપત્ર એનાયત કરી અભિવાદન કરી અનુમોદના કરી હતી.

શ્રી પાટણ જૈન મંડળવતી કાર્યવાહક પ્રમુખ શ્રી ભરતભાઈનેમચંદ શાહ તથા ટ્રસ્ટી શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ દ્વારા મુમુક્ષુ શ્રીમતી ચંદ્રાવતીબેન કીર્તિલાલ શાહનું અને મુમુક્ષુ કુ.દિપ્તીબેન કીર્તિલાલ શાહનું માનવંતા પ્રમુખ શ્રી જે. કે.શાહ તથા ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ દ્વારા માળા, શાલ, શ્રીફળ તથા સન્માન પત્ર એનાયત કરી અભિવાદન કર્યુ હતું.

આ અવસરે સન્માનપત્રનું લખાણ ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ તથા માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન) શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ દ્વારા વાંચી સંભળાવવામાં આવેલ. પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ન્યુયોર્ક) તથા જયનાના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (ફીલાડેલ્ફીયા) દ્વારા મોકલવામાં આવેલ સંદેશાઓનું મંડળના ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ તથા માનદમંત્રી (ફાઈનાન્સ) શ્રી શૈલેષભાઈ સેવંતીલાલશાહ દ્વારા વાંચન કરવામાં આવેલ. પ્રસંગને અનુરૂપ મંડળના વયસ્ક સભ્ય શ્રીમતી અનસુયાબેન બાલુભાઈ શાહ દ્વારા સ્વરચિત ભાવવાહી ગીતની રજુઆત કરવામાં આવી હતી.

મંડળના કાર્યવાહક પ્રમુખ શ્રી ભરતભાઈ નેમચંદ શાહ તથા માનવંતા પ્રમુખ શ્રી જે. કે.શાહ દ્વારા તેમના વકતવ્યમાં બંને દીક્ષાર્થી બહેનોનો સંયમ માર્ગ નિષ્કંટક બની રહે અને શાસન પ્રભાવના કરી સમસ્ત સમાજ તથા કુળ પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

શ્રી ભરતભાઈએ તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, મુમુક્ષુ ધર્માત્માઓ પૂર્વ જન્મમાં આરાધેલા કર્મોના પરિપાક પ્રતાપે સુસંસ્કૃત સાધન સંપન્ન પરિવારમાં જન્મ પામ્યા. જ્ઞાન ગંગાની સરવાણીમાં મળેલ સુકૃત વિવેકે તેઓને સંયમ જીવનની સંજીવની બક્ષી છે. મુમુક્ષુઓએ તેમના જીવનકાળ દરમ્યાન અનેકવિધ આરાધના આદરી ધર્મજ્ઞાનની ગંગોત્રી થકી દેશવિદેશમાં અનેક આત્માઓને પાવનકારી બનાવ્યા છે. શ્રી પાટણ જૈન મંડળ તથા સમસ્ત સમાજ વતી પરમ પિતા પરમેશ્વરે ચિંધેલા સર્વે વિરતિના પથ પર વિહરતા મુમુક્ષુઓનો માર્ગ નિષ્કંટક અને નિર્વિઘ્ન રહે તેવી અનુમોદના અને શુભેચ્છાસહ ભૂરિ ભૂરિ વંદના કરી હતી.

આ ઉપરાંત દાતા પરિવારમાંથી શ્રી ભાવિક રાજેન્દ્રભાઈ શાહ, શ્રીમતી તેજલબેન ભાવિકભાઈ શાહ, શ્રીમતી રંજનબેન મહાસુખલાલ શાહ દ્વારા બંને મુમુક્ષુઓને જીવન યાત્રા અને કૌટુંબિક સંસ્મરણો સંભારી શેષ જીવનકાળની મંગલકામના કરી હતી.

મુમુક્ષુ કુ.દીપ્તીબેન દ્વારા તેમણે સંયમ અંગીકાર કરવાના ભાવો કઈ રીતે આવ્યા તેમજ તે અંગેના વિવિધ કારણોની સુંદર રજુઆત કરવામાં આવેલ, તેમજ દીક્ષા અંગીકાર બાદ પણ તેમના ગુરૂ તરીકે તેમના માતુશ્રી ચંદ્રાબેન જ રહેશે, તેની જાહેરાત સહર્ષ કરી હતી. વિદેશના પ્રવાસોમાં પોતાનો સંદેશ હતો કે, ''આ વેશમા મારે મરવું નથી'' અને તમે બધા નકકી કરો કે, ''મારે આ દેશમાં મરવું નથી''. આ ઉપરાંત તા.૪-૭-૨૦૧૦ ના રોજ પારમેશ્વરી પ્રવ્રજ્યા પ્રસંગે સૌને સુરત ખાતે પધારવા હાર્દિક વિજ્ઞપ્તિ કરી હતી.

મંડળના ટ્રસ્ટી શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહે પરિવારવતી અભિવાદન સમારોહના આયોજન બદલ મંડળના સર્વે હોદ્દેદારો તથા સર્વ મિત્રમંડળો અને પાટણ બેન્ક પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. વર્ષોની કૌટુંબીક ભાવનાઓ અને ખાટીમીઠી વાતોને તેમણે વ્યથિત હૈયે વાચા આપી હતી. સંસાર સાગર છોડી ભવસાગર તરફ પ્રવ્રજયા અંગીકાર કરનાર એક જ કુટુંબના ભાભી તથા ભત્રીજીને હૃદય વિદારક શુભેચ્છા આપતાં તેમની આંખો અને હૈયુ ભરાઈ આવ્યું હતું. સમસ્ત પરિવારને પ્રાપ્ત થયેલ ધર્મના સંસ્કાર માતા-પિતા તરફથી ગળથૂથીમાંથી મળેલ અમૂલ્ય વારસો ગણ્યો હતો. મંડળના માનદમંત્રી(એડમીનીસ્ટ્રેશન) શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહે અભિવાદન સમારોહનું રસપ્રદ શૈલીમાં સંચાલન કર્યુ હતું.

અંતમાં ભવ્યાત્માઓની સર્વ વિરતિનો માર્ગ નિષ્કંટક અને નિર્વિઘ્ન બને તથા અલ્પભવમાં આજન્મા બની જીનશાસનના પ્રહરી બને તેવી અભ્યર્થના સાથે મુમુક્ષુઓની પ્રિય પ્રાર્થના યાદ કરી સભા બરખાસ્ત કરી હતી.

દેવ મારા આજથી તારો બનીને જાઉ છું.
દિલડાના દેવ મારા દિલ દઈને જાઉ છું.
મનડાની ભકિતની મહેક મૂકતો જાઉ છું.
અંતરના આપેલ આશિષ અંતરમાં લઈ જાઉ છું.

❑ શ્રી પાટણ જૈન મંડળ


## લગનસંબંધી

| | | |
|---|---|---|
| યુવકનું નામ | : | સમકિત પ્રકાશ શાહ Height : 5':8" |
| જન્મ તારીખ | : | ૬-૪-૧૯૮૬ (Email:prakesh.shah@ril.com) |
| અભ્યાસ | : | B.E. (Electrical Engg.) MBA (Finance) |
| મહોલ્લો | : | ઝવેરી વાડો (નિશાળનો પાડો) |
| Address | : | 301, Domavilla, Haridas Ngr., Simpoli Rd., Borivali (W), Mumbai - 400092 |
| Cont. | : | 28994550 (મુંબઈ) / 099676 - 00374 જા x ખ |

## બોરિવલી થી વિરાર ના વાસીઓ

પાટણ નિવાસી શેઠશ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહના સંપૂર્ણ સહકારથી
નાલાસોપારા (ઈસ્ટ) ખાતે વિવિધ ક્લાસ તદ્દન ફ્રી ચલાવવામાં આવે છે.
તો જેને શીખવું હોય તે કોઈ પણ વ્યક્તિ લાભ લઈ શકે છે.
કોમ્પ્યુટર /ટેલી / સિવણ ક્લાસ / ઈંગ્લીશ સ્પીકીંગ / જરદોશી વર્ક /
કાચ પેઈન્ટીંગ તેમજ ડાન્સના ક્લાસ ફ્રી ચલાવવામાં આવે છે. જા x ખ

**સંસ્કાર સાધના હોમસાયન્સ એકટીવીટીઝ**
૧૯, આત્મ વલ્લભ બિલ્ડીંગ, આચોલે રોડ, નાલાસોપારા (ઈસ્ટ)
ફોન : ૦૨૫૦ - ૨૪૩૦૩૫૦ ● દિનેશભાઈ - ૯૩૨૩૪૪૨૩૫૬

## દુ:ખદ નિધન

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રીયુત અમીચંદભાઈ રસિકલાલ શાહ** નું ૮૦ વર્ષની જૈફ વયે, તા. ૦૮-૦૬-૨૦૧૦ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

શ્રી પાટણ જૈન મંડળની અનેકવિધ સહાયક પ્રવૃત્તિઓમાં તેઓશ્રી દર વર્ષે નિયમિતપણે સ્વૈચ્છીક રીતે દાનની રકમ મોકલાવી આપી સંતોષની લાગણી અનુભવતા હતા. મંડળની દરેક પ્રવૃત્તિઓમાં સદ્‌ભાવ ધરાવતા, સરળ સ્વભાવના સંસ્થા અને સમાજના હિતચિંતક તેમજ શુભેચ્છકના દુ:ખદ નિધનની નોંધ લઈ, સદ્‌ગતને શ્રધ્ધાંજલિ અર્પતાં, આપ સૌ પરિવારજનોના દુ:ખમાં મંડળ સહભાગી થઈ સહાનુભુતિ અને સંવેદનાની લાગણી વ્યક્ત કરે છે.

ધર્મ પ્રત્યે અનન્ય સદ્‌ભાવ ધરાવનાર મિતભાષી સદ્‌ગતશ્રી જીવનભર સેવા, પુજા, ભક્તિભાવ, સામાયિક, પ્રતિક્રમણ દ્વારા કર્મનિર્જરા કરી જીવદયા, પાંજરાપોળ તથા સાધર્મિક ભક્તિના કાર્યોમાં સદાય અગ્રેસર રહેતા.

સદ્‌ગતના નિધનથી પરિવારજનોને પહોંચેલ દુ:ખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે તે જ પ્રાર્થના.

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પો...

ૐ શાંતિ......

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## HELP CENTER FOR JAIN STUDENTS ALL OVER INDIA

A Social Organization from Pune has just started a help center for Jain Students all over India. This center will help Jain students by providing information about following subjects :

1. Jain Minority Educational Institutions offering higher education in Engineering, IT, Management, Medical and other branches, where about 50% seats are reserved for Jain students;
2. Concession given in fees to Jain students for higher education in various states of India under minority status;
3. Scholarships offered by State Governments for Jain Students;
4. Scholarships offered by Charitable Trusts and Social Organizations;
5. Educational Loans offered by various Banks;
6. Hostels for Jain Students in various cities; and
7. Special concessions offered by states to Jain Students belonging to OBC.

For more information, please write to
E-Mail : jainway@gmail.com
OR send a self addressed and stamped (Rs.5/-) Envelope to
Jain Friends, Post Box No, 58, Jagannath Complex, 199 Mumbai Pune Road, Chinchwad (East), Pune - 411019.

## INFORMATION

- Indian Railway in collaboration with Google is now providing a 10 digit mobile number.
- Just SMS your PNR number on this mobile number and instantaneously you will get your ticket's current status along with all other journey related details.
- The number is 97733-00000. No need to prefix 0 or +91.
- Best of all, you don't pay a premium charge for any of this, just the price of standard SMS.

PLEASE DON'T FORGET TO STORE THE NUMBER IN YOUR MOBILE PHONE.


૧૦૦ % શુદ્ધ મીઠાના મિશ્રણ વગરના તીખા, મોળા, ડીંટીયા કાઢેલા – રેશમપત્તી મરચાં.
ઈંદોરી ધાણા અને જીરૂ – સાફ કરી સપ્રમાણ મસાલા મીક્સ કરી કાળજીપૂર્વક દળેલુ – ધાણાજીરૂ મીક્સ.



મરચાં... હળદર... ધાણાજીરૂ કે અન્ય મસાલા
અમે આપીએ શ્રેષ્ઠ
સ્વચ્છ, તાજા અને શુદ્ધ–સૌને પોસાય તેવા

કુસુમ મસાલાના મસાલા એટલે નિષ્ણાતો દ્વારા ચકાસાયેલા, અદ્યંતન રીતે ખંડાવાયેલા, કાળજીપૂર્વક સાફસુફી અને સુકવણી થયેલા, મસાલાના ગુણધર્મ પ્રયોગશાળામાં વૈજ્ઞાનિક રીતે ચકસાયેલા, ઓટોમેતીક મશીનમાં સ્વચ્છ જગ્યામાં પેકીંગ થયેલા મસાલા એટલેજ એગમાર્ક શુદ્ધ કુસુમ મસાલા.

તાંજા, પોષક સત્વ, અસલી સ્વાદ અને ભરપુર સોડમ થી મધમધતા મસાલા.
ન ગરમીમાં ખરીદીની દોડધામ... ન ખંડાવવાની માથાકુટ... ન ભેળસળની ચિંતા... ન વજન ઘટની રામાયણ....

હવે ફક્ત એક ફોન કોલ અને એગમાર્ક કુસુમ મસાલા આપને ઘર પહોંચ.

બારેમાસ ભરવા
લાયક મસાલા
કુસુમ
મસાલા

® કુસુમ મસાલા પ્રોડક્ટસ
કુસુમ હાઉસ, ટી-૨, કામા એસ્ટેટ,
ગોરેગામ (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૩.
ફોન: 26851595 • 26851598 • 26851835
ફેક્સ: 91 22 26851368
Email - kusum@vsnl.com
ફ્રી હોમ ડીલીવરી
ઉત્કૃષ્ટતા એજ અમારી પરંપરા.

## અભિનંદન

- ભાભાના પાડાના શ્રીમતી ઉષાબેન તથા શ્રી પ્રફુલભાઈ કાંતીલાલ શાહની પૌત્રી તથા શ્રીમતી જયના વિપુલભાઈ થોસાનીની સુપુત્રી **ચિ.જાનવીએ** સને ૨૦૧૦ માં લેવાયેલ આઈસીએસઈ બોર્ડની પરીક્ષામાં ચાર વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવવા સહિત કુલ ૭૦૦ ગુણાંકમાંથી ૬૮૪ ગુણાંક મેળવી ૯૮.૮ ટકા સાથે સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ ઈતિહાસ સરજયો છે. લીલાવતી પોદાર હાઈસ્કુલમાં અભ્યાસ કરતી ચિ.જાનવીએ અત્યાર સુધી દર વર્ષે વર્ગમાં પ્રથમ ક્રમાંક સતત જાળવી રાખ્યો હતો. ભવિષ્યમાં પણ સિધ્ધિઓના અનેક શિખરો સફળતાપૂર્વક સર કરે અને પરિવારનું નામ ઉજજવળ કરે તેવી સંસ્થા હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.
- **શ્રી ભદ્રકાંતભાઈ પ્રેમચંદ શાહ** (ઢંઢેરવાડો.... ચોપાટી) ધ એન્જીનીયરીંગ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ સ્ટોર્સ મરચન્ટ એસોશિએસન (નાગદેવી) ના ટ્રસ્ટીપદે બિનહરીફ ચુંટાઈ આવ્યા છે. તે બદલ અભિનંદન.

-----------------------------------

**શ્રી પાટણ જૈન મંડળ**

## સ્પૉર્ટસ કમીટી યૌજીત ઍથલૅટીક સ્પર્ધા

**શ્રી પાટણ જૈન મંડળ** સમાજ ઉત્કર્ષની અનેક વિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજની વધુનેવધુ સેવાઓ કરી ઉપયોગી થઈ રહ્યુ છે જેના શુભ પરિણામે જ સમાજને મંડળની નજદિક લાવવામાં સફળતા સાંપડેલ છે. તેનાજ સ્તુત્ય પ્રયાસ સ્વરૂપે, ૪૦ ઓવરોની ક્રિકેટ ટુર્નામેન્ટ તથા ૨૦-૨૦ ઓવરોની મેચોનું નિયમિત આયોજન કરવામાં આવે છે. જેમા પણ સમાજના રમતવીરો સારી સંખ્યામા જોડાઈ મંડળને આવા પ્રયોગો કરવા નિમીતબળ પૂરૂ પાડે છે. તેના જ એક ભાગરૂપે જાન્યુઆરી - ૨૦૧૦ માં એથલેટીક સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં લગભગ ૨૭૫ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. જેનાથી પ્રેરાઈને ચાલુ વર્ષે પણ શક્ય હશે તો તા. ૨૩ અથવા તા. ૩૦ જાન્યુ. ૨૦૧૧ ના એથલેટીક હરિફાઈઓનું વિશાળ ફલક ઉપર આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધાઓ, વય જુથ અનુસારના હરિફાઈઓની વિગતવાર વિગતો આગામી અંકમા પ્રસિદ્ધ કરવામાં આવશે. ❑ **સ્પોટર્સ સમિતિ**

## સુખને એક અવસર દો !!

નિગોદથી જન્મતા બાળકને દર્શન દો,<br>
જીવદયા, ધર્મના સંસ્કારને પામવા દો,<br>
બળ બુધ્ધિને જીવનની ઓળખાણ દો,<br>
સહન-શકિતને જીવવા દઢ નિર્ધાર દો !

વસંતના વૈભવને ખુશ્બુથી ખીલવા દો,<br>
મનોરથો મનનાં સૌ મુકત મહેકવા દો,<br>
આવિર્ભાવ મલકતા મને છલકવા દો,<br>
અંતર કેરા અમીરસને ઉમડવા દો !

પ્રેમ, માનવતા ને સમૃધ્ધિ વિસ્તરવા દો,<br>
જીવન બાગ કલરવથી ચહેકવા દો,<br>
પ્રભુ બાળકોને બસ નિર્મળ જીવવા દો,<br>
સનાતન અમ આશિષને ફળવા દો !

❑ **મહેન્દ્ર નેમચંદ શાહ**

-----------------------------------

## સાચું દાન

જે આપવાથી મને ગર્વ ના થાય,<br>
લેનારને ઓશીયાળાપણું ન લાગે<br>
દાન થાય પણ દેવું ન ચડે,<br>
મદદ થાય પણ લાગણી ન દુભાય,<br>
દેહ ઉગરે પણ સ્વમાન ન ઘવાય,<br>
હું આપું છું પણ ........<br>
કોઈની પાસે આભારની ઉઘરાણી ન કરુ<br>
અને લેનાર ઉપકારથી દબાયેલો ન રહે<br>
નિષ્કામ કર્મ ..... નિર્મોહી ન્યાય.



**શ્રદ્ધાંજલિ :** સમાજની નીચે જણાવેલ વ્યકિતઓના અવસાનની સખેદ નોંધ લેતા, તેઓના કુટુંબીજનોના દુ:ખમાં સંવેદનાની લાગણી વ્યકત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિ:રશાંતિ અર્પો એજ પ્રાર્થના.

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | ઉંમર | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા શ્રીમાળી | ખેજડાનો પાડો | પદમાબેન ડાહ્યાલાલ શાહ | ૭૮ | પૂના | ૨૨-૫-૨૦૧૦ | નિજ વૈશાખ સુદ ૯ |
| વિશા ઓસવાલ | ઢંઢેરવાડો | શિલાબેન કમલેશભાઈ શાહ | ૫૧ | મુંબઈ | ૨૨-૫-૨૦૧૦ | નિજ વૈશાખ સુદ ૯ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | ચંદ્રાવતીબેન લક્ષ્મીચંદ શાહ | ૮૪ | પાટણ | ૨૩-૫-૨૦૧૦ | નિજ વૈશાખ સુદ ૧૦ |
| વિશા પોરવાલ | ખડાખોટડીનો પાડો | શાંતાબેન જયંતિલાલ શ્રોફ | ૯૫ | મુંબઈ | ૨૫-૫-૨૦૧૦ | નિજ વૈશાખ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | ખેજડાનો પાડો | જીતેનભાઈ છોટાલાલ શાહ👁 | ૭૨ | બેંગલોર | ૨૮-૫-૨૦૧૦ | નિજ વૈશાખ વદ ૧ |
| દશા શ્રીમાળી | કોકાનો પાડો | દક્ષાબેન સેવંતિલાલ શાહ | ૫૦ | મુંબઈ | ૦૫-૬-૨૦૧૦ | નિજ વૈશાખ વદ ૮ |
| વિશા શ્રીમાળી | સિધ્ધચક્રની પોળ | બીપીનભાઈ હરિભાઈ શાહ | ૬૯ | મુંબઈ | ૦૬-૬-૨૦૧૦ | નિજ વૈશાખ વદ ૯ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | અમીચંદભાઈ રસિકલાલ શાહ👁 | ૭૯ | મુંબઈ | ૦૮-૬-૨૦૧૦ | નિજ વૈશાખ વદ ૧૧ |

👁 ચક્ષુદાન કરેલ છે.

**✳ યુવાનીમાં રક્તદાન ✳ મૃત્યુબાદ ચક્ષુદાન ✳ ત્વચાદાન ✳ અંગદાન ✳ દેહદાન કરો અને કરાવો.**

## સાભાર સ્વીકાર

**મંડળના જુદા જુદા ફંડોમાં અને પ્રવૃત્તિઓમાં, સ્વૈચ્છીક રીતે નાણાંકીય ભેટની રકમ આપવા બદલ, સર્વે શુભેચ્છકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.**

### સમાજ વિકાસ કોરપસ ફંડ

૧,૧૧,૦૦૦/- શ્રી મહાસુખલાલ કેશવલાલ દોલાચંદ શાહ પરિવાર, હ. શ્રી પંકજભાઈ, શ્રી રોહીતભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી હર્ષભાઈ (મારફતીયા મહેતાનો પાડો)

૩૧,૦૦૦/- શ્રીમતી સુલોચનાબેન રમેશચંદ્ર સનાલાલ શાહ (મલ્લાતનો પાડો)

૨૫,૦૦૦/- જે. કે. ફાઉન્ડેશન (ભાભાનો પાડો)

### કેશરીચંદ જેશીંગલાલ શાહ (વૃધ્ધજન યોજના નિધિ) સીનિયર સીટીઝન કોરપસ ફંડ

૨૫,૦૦૦/- શ્રી હેમન્તભાઈ જીતેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી) પૂજ્ય દાદીમાં શ્રીમતી હીરાબેન પોપટલાલ શાહની પ્રથમ પુણ્ય તિથિ (જેષ્ઠ વદ ૩) નિમિત્તે

### શ્રીમતી નીરૂબેન સેવંતીલાલ દલપતચંદ શાહ વિકલાંગ ઉત્કર્ષ નિધિ ફંડ

૧૨,૦૦૦/- શ્રીમતી નીરૂબેન સેવંતીલાલ શાહ (શાંતીનાથની પોળ)

### શિક્ષણ સહાય ભેટ

૨૫૦૦૧/- શ્રીમતી રાગીણીબેન જયકુમાર શાહ (કુંભારીયા પાડો) સ્વ. શ્રી જયકુમાર નેમચંદભાઈ શાહના સ્મરણાર્થે હ. શ્રી કેયુર જયકુમાર શાહ

૧૧૦૦૦/- શ્રીમતી શારદાબેન રસિકલાલ શાહ (પોળની શેરી) સ્વ. શ્રી રસિકલાલ મણીલાલ શાહની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે.

### દવા સહાય ભેટ

૨૫૦૦૧/- શ્રી કેયુરભાઈ જયકુમારભાઈ શાહ (કુંભારીયા પાડો) સ્વ. શ્રી જયકુમારભાઈ નેમચંદભાઈ શાહના સ્મરણાર્થે

૨૫૦૦/- શ્રી કમલેશભાઈ રમેશચંદ્ર શાહ (ઢંઢેરવાડો) સ્વ. શ્રીમતી શીલાબેન કમલેશભાઈ શાહના સ્મરણાર્થે

૨૫૦૦/- શ્રી બિપીનભાઈ ચીમનલાલ શાહ હ. શ્રીમતી સંગીતાબેન બિપીનભાઈ શાહ (અજીતનાથની પોળ) ગં. સ્વ. શ્રીમતી નિર્મળાબેન ચીમનલાલ શાહની પ્રથમ પુણ્યતિથિ (અષાઢ સુદ ૧૦) નિમિત્તે

### આર્થિક સહાય ભેટ

૮,૫૦૦/- શ્રી રસિકલાલ દલપતચંદ શાહ (મણીયાતી પાડો)

૫૧૧/- શ્રી સેવંતીલાલ જેસંગલાલ શાહ (કોકાનો પાડો) સ્વ. શ્રીમતી દક્ષાબેન સેવંતીલાલ શાહના સ્મરણાર્થે

૨૫૦૦/- શ્રી બિપીનભાઈ ચીમનલાલ શાહ હ. શ્રી અંકીતભાઈ બિપીનભાઈ શાહ (અજીતનાથની પોળ) સ્વ. શ્રીમતી નિર્મળાબેન ચીમનલાલ શાહની પ્રથમ પુણ્યતિથી (અષાઢ સુદ ૧૦) નિમિત્તે

### વૃધ્ધજન સહાય ભેટ

૧૧,૧૧૧/- શ્રી રાજેષકુમાર ચંદુલાલ શાહ શ્રીમતી શારદાબેન ચંદુલાલ શાહ (લીમડીનો પાડો) ચિ. ચૈતાલી ના લગ્ન ચિ. વિસ્મયકુમાર ભરતભાઈ નગીનદાસ શાહ (પાલનપુર) સાથે થયાની ખુશાલીમાં

૧૧,૦૦૦/- શ્રીમતી શારદાબેન રસિકલાલ શાહ (પોળની શેરી) સ્વ. શ્રી રસિકલાલ મણીલાલ શાહની ત્રીજી પુણ્યતિથિ નિમીત્તે

૫૦૦૦/- શ્રી અરવિંદભાઈ મંગલદાસ શાહ (કનાસાનો પાડો) ૭૦ વર્ષ પુર્ણ થયાની ખુશાલીમાં હ. શ્રીમતી દિવ્યાબેન અરવીંદભાઈ શાહ

૨૫૦૦/- શ્રી બીપીનભાઈ ચીમનલાલ શાહ, હ. શ્રી જયભાઈ બીપીનભાઈ શાહ (અજીતનાથની પોળ) સ્વ. શ્રીમતી નિર્મળાબેન ચીમનલાલ શાહની પ્રથમ પુણ્યતિથિ (અષાઢ સુદ૧૦) નિમિત્તે

૧૧૦૦/- શ્રી મણીલાલ ગભરૂચંદ શાહ, હ. શ્રી પ્રફુલ્લભાઈ મણીલાલ શાહ (મારફતીયા મહેતાનો પાડો)

### વિકલાંગ ઉત્કર્ષ ભેટ

૨૫૦૦/- શ્રી બિપીનભાઈ ચીમનલાલ શાહ (અજીતનાથની પોળ) સ્વ. શ્રીમતી નિર્મળાબેન ચીમનલાલ શાહની પ્રથમ પુણ્યતિથિ (અષાઢ સુદ ૧૦) નિમિત્તે

### લગ્ન પ્રસંગે ભેટ

૨૫૧/- શ્રી નરેન્દ્રભાઈ બાબુલાલ શાહ ચિ. માનષી ના લગ્ન ચિ. આશિષકુમાર સાથે થયાની ખુશાલીમાં

### હેલ્થકેર સાધન ભેટ

૫,૦૦૦/- શ્રી રવિન્દ્રભાઈ પ્રભુદાસભાઈ કાપડીયા
૪,૯૩૦/- શ્રી રોશનલાલ આર મહેતા
૨,૫૦૦/- શ્રી મેઘબાઈ રવજી આનંદ
૧,૦૦૦/- શ્રી વિજયભાઈ કે. શાહ
૧,૦૦૦/- શ્રી વસંતભાઈ જે. શાહ
૧,૦૦૦/- શ્રી નરેન્દ્રભાઈ બીમલ બારી
૧,૦૦૦/- શ્રી સ્વાતીબેન એ. શાહ

સુસંસ્કૃત સમાજના સન્નિષ્ઠ સાન્નિધ્ય થકી,
શિક્ષણ, સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય.

શ્રી પાટણ જૈન મંડળ

# સમાજ વિકાસ ફંડ

એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન

## મુખ્યદાતા

- બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ, ખજુરીનો પાડો
- બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજુરીનો પાડો
- બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજુરીનો પાડો
- શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રીમતી ગુલાબબેન રમણલાલ શાહ, વખતજીની શેરી
  હ. શ્રી હીતેનભાઈ પ્રવીણચંદ્ર શાહ
- શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ, ખજુરીનો પાડો
- શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રી સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
- શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ, કોકાનો પાડો
- શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ, હ. શ્રી જીતેનભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, ચીતારાની ખડકી
- શ્રીમતી હંસાબેન મનહરભાઈ કેશવલાલ શાહ, હ. શ્રી શ્રેણીકભાઈ મનહરલાલ શાહ, લખીયારવાડો
- શ્રી શાંતિલાલ રીખવચંદ શાહ, કોકાનો પાડો
- શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા, હ. શ્રી દાનેશભાઈ, કનાસાનો પાડો
- શ્રી નવીનચંદ્ર ખુબચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રીમતી લીલાવતીબેન પનાલાલ મણીલાલ શાહ, વસાવાડો
- શ્રી અશોકભાઈ પોપટલાલ શાહ, હ. શ્રી ચિરાગભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી જીનબાળાબેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે,
  હ. શ્રીમતી કનકબેન કેતનભાઈ શાહ, ઢંઢેરવાડો
- શ્રી પ્રવિણચંદ્ર વૃજલાલ શાહ (મંત્રી), હ. શ્રી વિરેશ પ્રવિણચંદ શાહ, કનાસાનો પાડો
- શ્રી હેમંતભાઈ કાંતીલાલ સાલવી, સાલવીવાડો

## આધારસ્તંભદાતા

- શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચોધરીની શેરી
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ (ગુંદરવાળા), વાસુપૂજ્યની શેરી
- શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, મારફતીયા મહેતાનો પાડો
- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા), ખેતરવસી
- શ્રી રાકેશભાઈ કાંતીલાલ શાહ, સ્વ. શ્રી ગીતાબેનના સ્મરણાર્થે, ચોપાટી
- શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
- શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ ઝવેરી, ડંક મહેતાનો પાડો
- શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ, ઢંઢેરવાડા
- શ્રી મણીલાલ સરૂપચંદ શાહ (દેવડાવાળા) પરિવાર, લીમડીનો પાડો

# SHREE PATAN JAIN MANDAL

## REVOLVING FUND

**To provide interest free Educational Loan**

| Donor | Donation In 5 years |
|---|---|
| **Smt. Shubhadraben Ramanlal Popatlal Shah**, Kumbhariya Pado | **Rs. 25 Lakhs** |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala**, Kanasa no Pado, by Daneshbhai, Bhagyeshbhai, Sukeshbhai, Dhirenbhai. | **Rs. 25 Lakhs** |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurini Pado | **Rs. 15 Lakhs** |

**Target for REVOLVING FUND is Rs. 5 Crore**

For Studies in India, Shree Patan Jain Mandal Shall provide interest free Educational loan upto Rs. 2 lakhs to deserving PATANI Students for their higher studies and high cost specialised courses.

શ્રી પાટણ જૈન મંડળ

## મેમોરીલય ફંડ

વિલ દ્વારા નોંધાવાયેલ
અનુકરણીય અને અનુમોદનીય સખાવત

| દાતાનું નામ | દાનની રકમ |
|---|---|
| **શ્રીમતી નિર્મળાબેન (દેવીબેન)** શામળાજીની શેરી (ખેતરવસી) સ્વ. શ્રી ધીરજલાલ પોપટલાલ શાહના સ્મરણાર્થે | રૂા. ૧૦ લાખ |

વસિયતનામા (વિલ) દ્વારા મેમોરીયલ ફંડમાં સખાવત કરનાર દાતાની ભાવના અનુસાર, દાનની રકમનો ઉપયોગ મંડળની વિશેષ પ્રવૃત્તિઓમાં કરવામાં આવશે.

- શ્રીમતી સરલાબેન વિજયભાઈ હીરાલાલ શાહ, કસુંબીયાવાડો
- શ્રી મોહનલાલ હીરાચંદ શાહના સ્મરણાર્થે,
  હઃ શ્રી દિપકભાઈ, મહાલક્ષ્મી માતાનો પાડો
- શ્રીમતી મહાસુખલાલ કેશવલાલ શાહ, હસ્તે શ્રી. પંકજભાઈ, શ્રી રોહીતભાઈ, શ્રી ભરતભાઈ, (મારફતીયા મહેતાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, મનમોહનજીની શેરી
- શ્રી પ્રવીણભાઈ મણીલાલ શાહ, નિશાળનો પાડો

## સહાયકદાતા

- શ્રી જે.કે. શાહ, ભાભાનો પાડો
- શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી, કોબે-જાપાન
- શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ, કેશુશેઠનો પાડો
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત શાહના સ્મરણાર્થે, પોળનીશેરી
- ડૉ. જયંતિલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે, મનમોહનજીની શેરી

(અનુસંધાન પાના નં..... ૫ ઉપર)

***Publisher & Printer :*** **SHREE PATAN JAIN MANDAL,** ***Printed at :*** **RAJESH PRINTERY,** 115, Pragati Industrial Estate, 316, N.M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Bhavin Gandhi : ☎ 23012496 / 9867540524. ***Published by :*** Shree Patan Jain Mandal, 77, Marine Drive, Mumbai - 400 020. ***Editor :*** **BHARTIBEN BHAGUBHAI SHAH.**